Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર - ૩૬૪૦૦૧.

આત્મ સંવત : ૨૮
વીર સંવત : ૨૪૭૬
વિક્રમ સંવત :
પુસ્તક : ૨૧

સને :

For Private And Personal Use Only

Reg. N. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

પુ=૨૧ અંક=૨।૩।૫।૬।૭।૧૦।૧૧

॥ स्रग्धरावृत्तम् ॥

यातं भोगाभिलाषैरखिलमिदमहो जीवितं तावकीनं ।
यत्नो नैव त्वयाज्ञ कृत इह जननक्लेशविच्छेदहेतुः ॥
त्यक्त्वासक्तिं गजेन्द्रश्रुतिशिखरचलेष्वेषु भोगेषु शीघ्रं ।
'आत्मानन्द प्रकाशं' कुरु हृदयगतं येन शश्वत्सुखं स्यात् ॥ १ ॥

पु. २१. | वीर सं. २४४९. भाद्रपद आत्म सं. २८ | अंक २ जो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| ... ... | ૨૭ | ૬ જૈન ઐતિહાસિક સાહિત્ય. ... | ૪૩ |
| મિશ્ર... ... ... | ૨૮ | ૭ પં. સુખલાલજીભાઇનો છતર બંધુ સાથે જૈન ધર્મ સંબંધીનો વાર્તાલાપ. ... | ૪૬ |
| ...ભાવનાના લાભો. ... | ૨૯ | ૮ સ્વિકાર અને સમાલોચના. ... | ૪૯ |
| ...ઇ ઇલાકાના જૈનોની વસ્તી ...દશા. ... ... | ૩૦ | ૯ શ્રીમાન્ વિજયાનંદસૂરિ (આત્મારામજી) મહારાજના મંડળના ચાતુર્માસ. | ૫૦ |
| ૫ ...આત્માનંદ પ્રાપ્તિનો માર્ગ ... | ૩૭ | ૧૦ વર્તમાન સમાચાર. ... ... | ૫૦ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પંચપરમેષ્ઠી ગુણરત્નમાળા.

## ( વિવિધ અનેક ચમત્કારિક કથાઓ સાથે શ્રી પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણોનું વિસ્તાર પૂર્વક અપૂર્વ વર્ણન. )

સકલ મંત્ર શિરોમણિ, અનેક ગુણકલ્પ મહોદધિ, ચૌદપૂર્વના સારભૂત પંચપરમેષ્ઠી નમસ્કાર મહામંત્ર કે જેનો મહિમા કલ્પવૃક્ષ કરતાં પણ અધિક શાસ્ત્રકાર મહારાજે વર્ણવેલ છે. અને જે ધ્યાન કરવા યોગ્ય છે; નવલાખવાર વિધિપૂર્વક જપ કરતાં–નર્કનું નિવારણ થતાં ભવનો પાર–મોક્ષ પમાય છે, એમ અપૂર્વ મહિમા શાસ્ત્રમાં વર્ણવેલ છે.

આ મહા મંગળકારી પંચપરમેષ્ઠીરૂપ નવકાર મંત્ર કે જેના ૧૦૮ ગુણો હોઇને તેનો ચમત્કાર–પ્રભાવ તથા તેનું ફળ ઉદાહરણ પૂર્વક વિસ્તારથી આ ગ્રંથમાં આપવામાં આવેલ છે, કે જેના અભ્યાસ અને આરાધનથી માનવજન્મ સફળ થાય છે.

જિનેશ્વર ભગવાને આત્માના મોક્ષ માટે ધ્યાન–તપ ઉત્કૃષ્ટ ક્રિયા કહેલી છે, અને ધ્યાન પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણોનું થઇ શકે છે. **પંચપરમેષ્ઠી, શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ મુનિરાજ** અને તેના અનુક્રમે બાર, આઠ, છત્રીશ, પચીશ અને સત્તાવીશ ગુણો મળી ૧૦૮ ગુણ થાય છે, કે જેનું નવકારવાળી દ્વારા ધ્યાન થઇ શકે છે, આ ૧૦૮ ગુણોનું જાણપણું સર્વ કોઇને ન હોઇ શકવાથી હાલ ઘણે ભાગે નવકારવાળીમાં ગુણોને બદલે માત્ર નવકારમંત્રનું એક એક પારે એક સ્મરણ થાય છે; પરંતુ શાસ્ત્રકાર મહારાજનું કથન પંચ પરમેષ્ઠીના ૧૦૮ ગુણનાં વર્ણનનું સ્મરણ, નવકારવાળી દ્વારા મોક્ષ મેળવવા માટે કરવાનું ફરમાન છે. જેથી ભવ્ય જનોના ઉપકાર નિમિત્તે શ્રી જિનલાભસૂરિ મહારાજની આજ્ઞાથી શ્રી ખરતર ગચ્છના વિદ્વાન મુનિરાજ શ્રી **રામવિજયજી ઉપાધ્યાયજી** મહારાજે આ ગ્રંથમાં તે ઉત્તમોત્તમ ગુણોનું અપૂર્વ, સુંદર, સરલ અને મોક્ષદાયી વર્ણન અનેક ચમત્કારિક કથાઓ દ્રવ્યાનુયોગની હકીકતો, શાસ્ત્રોની સાક્ષીઓ આપીને મોક્ષના અભિલાષિઓ માટે [illegible] તેની અલૌકિક રચના કરી છે.

એકંદરે આ ગ્રંથ મનુષ્ય જીવનનો માર્ગદર્શક અને ધ્યાન કરવા મા[illegible] નવકાર મંત્રનો જપ કરનાર મનુષ્યોએ ખાસ આ ગ્રંથ ભણવા, સાંભળવા, [illegible] યોગ્ય છે. જેથી તેની મહત્તા અને ઉપયોગિતાના સંબંધમાં જેટલું લખીયે તેટલું [illegible] આવી જાતનો વિસ્તારયુક્ત ગ્રંથ પંચપરમેષ્ઠીના ગુણો માટે આ પ્રથમજ પ્રકટ [illegible]

દરેક જૈન બંધુના ઘરમાં, લાઇબ્રેરીમાં, નિવાસ સ્થાનમાં સ્મરણ, મનન [illegible]ાટે આ ગ્રંથ અવશ્ય હોવોજ જોઇએ. ઉંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપોથી છપાવી, સુશોભિત બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂ. ૧–૮–૦ પોસ્ટેજ જુદું.

મળવાનું ઠેકાણું—**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

अपगतमले हि मनसि स्फटिकमणाविव रजनिकरग-
भस्तयो विशन्ति सुखमुपदेशगुणाः, गुरुवचनम-
मलमपि सलिलमिव महदुपजनयति श्रवण-
स्थितं शूलमभव्यस्य ।

कादम्बरी.

पुस्तक २१ ] वीर संवत् २४४९ भाद्रपद आत्म संवत् २८. [ अंक २ जो.

ॐ

## वार्षिक–क्षमापना.

સુજ્ઞ ધર્મ બન્ધુ—

મિથ્યામિ દુષ્કૃત યાચવા વા અર્પવા સત્ શાસ્ત્રનું,
ફરમાન ભ્રાત ! વિચારતાં સૌંદર્ય સાધન ઐક્યનું;
કરી સાધના પર્યૂષણાની પૂણ્ય પંથ વિલોકવા,
આપવું ક્ષમા અપરાધની માધૂર્ય મૈત્રી વધારવા.

વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ક્ષમાપના.

## મંદાક્રાંતા.

આ સંસારે જન્મ ધરીને ઇષ્ટ સાફલ્ય શું છે ? જીવ્યા જાણ્યા જગતપતિ આ સાધના શી કરી છે ?
એ વિચારે નિજ હૃદયથી ધારજો સૌ ક્ષમાને, મૈત્રીભાવે ઓ સ્વજન ! મુજના દોષ વિસારજોને.
પામો વ્હાલાં પરમ પ્રભુનાં પૂર્ણ આશિષ વેગે, ધર્મે કર્મે જીવન વહજો સત્યના શ્રેષ્ઠ પંથે:
જે શ્રદ્ધા છે પ્રભુ તરફ તે સર્વ બંધુ પ્રતિ હો, ને તેથી ઓ સ્વજન ! મુજના અંતરેથી ક્ષમો હો !

સંસારમાં જન્મ ધરનાર પ્રાણી માત્ર–ચેતનવંતા જીવો, ઐહિક બંધનો અને જીવનનાં પ્રલોભનો તેનો યથાશક્તિ પરિત્યાગ કરી ઇષ્ટ પ્રતિ સતત પ્રયાણ કરી રહ્યા છે. આ પ્રકૃતિ સ્વર્ગીય હોઇ જનસમાજને આદરપાત્ર છે. સમાજના હિત-ચિંતક–પ્રજાનાયકો, ધાર્મિક જીવનના ઇષ્ટ ગુરૂઓ, પ્રજા સંઘને ઉપર્યુક્ત લક્ષ્ય પ્રતિ દોરવા અને એજ પંથના પ્રવાસી રૂપે જીવન વ્યતિત કરવા ઉપદેશે છે. મહાપુરૂષપ્રણિત ગ્રંથો, એજ અનુપમ સૂત્ર બોધે છે. પ્રકૃતિ પણ તેજ મંત્ર, દૃશ્ય થતી સર્વ વસ્તુઓમાં સુણાવે છે કે:—

**“ કલ્યાણ સાધો ! ” “ ન્હાતાં શીખો ! ” “ જાગ્રત હો ! ” સંસારના સાંસારિક જીવનની માયામયી મોહભરી રાત્રીના અંધકારમાંથી બહાર આવો !**

અનેક યંત્રણા અને કષ્ટપ્રદ મનોવેદના સહતાં પુરૂષાર્થ સાધ્ય–પુત્ર પ્રિયા, ગૃહ કે લક્ષ્મી આદિ કશાથી જીવનમાં મધુરતા ખીલી નહિં અથવા હૃદયે ક્ષણભર શાંતિ અનુભવી નહિં ! અરેરે ! એ અવિશ્રાંત કરેલા પુરૂષાર્થનું શું ફળ ?

સત્ધર્મ પ્રણેતા–આપ્ત પુરૂષોએ, આત્મકલ્યાણનાં ઇષ્ટ સાધન રૂપે વિદ્યા [illegible] લક્ષ્મી–પ્રેમ કે સ્વજનને વર્ણવેલાં છે. એજ સાધનથી સંસારપરનો અનુરાગ વૃદ્ધિ [illegible] પામે, દેહ પર આસક્તિ થાય તો જીવનપંથની રમ્ય દિવાદાંડી રૂપ ઇષ્ટ [illegible] સાધના ઓલાઇ જાય. માટે એ જન્મ્યા–જીવ્યાનું સાર્થક્ય શું ?

ઓ સર્વાંતર્યામિ જગત્પિતા ! ક્ષમાવંત પરમાત્મન્ [illegible] સર્વ જગતને ક્ષમનાર ક્ષમાનો અમૂલ્ય મંત્ર અમારા માનવજીવનમાં ઓતપ્રોત ક[illegible]. જેથી હૃદયનાં ઉંડાં ઉંડાં અજ્ઞાનનાં દ્વાર એક પછી એક ખુલ્લાં થાય, કર્ત્તવ્યધ્વંસક [illegible] પડદા એક પછી એક ત્રૂટી જાય, ખરા જીગરથી પ્રાણી માત્ર પરસ્પરનાં જીવનની ગુંચવણ[illegible] ઉકેલી શકે–ભૂલો સહી લે.

ઓ ધન્ય આત્મન્ ! પ્રભો !

ત્હારી પેઠે હૃદયપૂર્વક ક્ષમા આપી હૃદય હૃદયથી ભેટે એવાં મીઠાં આંદોલનો અમે અનુભવીએ એજ અમારૂં પરમ સૌભાગ્ય હો !

ૐ शांतिः शांतिः शांतिः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વદેશી ભાવનાથી થતા અનેક પ્રકારના લાભ

——(૦)——

તેલને જે જે સુગંધી પુષ્પાદિક વસ્તુની ભાવના આપવામાં આવે છે તેના તેના પ્રસંગથી તે તે નામથી ઓળખાય છે. એ રીતે બીજી અનેક ચીજોને શુભ ભાવના-પુટ આપવાથી તે તેવીજ શુભ પરિણતિ ( પરિણામ )ને ધારણ કરી લે છે. અત્યારે આખા હિન્દમાં બહોળે ભાગે સ્વદેશમાં ઉત્પન્ન થતા શુદ્ધ સ્વદેશી વસ્ત્રાદિકથીજ ગમે તે ભોગે ચલાવી લેવાની ભાવના સ્વદેશહિતૈષી દરેક હિન્દુ, મુસલમાનાદિકના દિલમાં જોશબંધ ચાલી રહી છે તેવે પ્રસંગે અન્ય નાની મોટી કોમે ઉક્ત સ્વદેશી ભાવનાને ડહાપણથીજ આદર્યે છૂટકો. જ્યાં સુધી સ્વદેશી હુન્નર ઉદ્યોગો સાજા-અખંડ હતા ત્યાં સુધી સહુ સ્વદેશીથીજ પોષાતા-સ્વદેશી વસ્તુથીજ સ્વકુટુંબ નિર્વાહ સુખે કરતા. પરંતુ જ્યારથી અસલી હુન્નર ઉદ્યોગનો વિનાશ કરવામાં આવ્યો ત્યારે પરદેશી વસ્તુઓ ઉપર આધાર રાખવાનું શરૂ થયું અને વિદેશી મોહક વસ્તુઓ જેમ જેમ મળતી ગઇ તેમ તેમ મોહાન્ધપણે તેનો સ્વીકાર થતોજ ગયો ! આ વિદેશી મોહજાળે હિન્દની ભારે દુર્દશા-અવનતિ કરી અથવા એ મોહજાળમાં ફસાયાથી હિન્દની આવી દુર્દશા થઈ એ અત્યારે હિન્દના ખરા હિતૈષીને સ્વાર્થ ત્યાગી સાધુ-ચરિત્ર થોડા એક અનુભવી પુરૂષોના સદ્બોધથી મોડે મોડે સમજાયું. તેથીજ વિદેશી વસ્ત્રાદિક ઉપરનો મોહ કંઈક ઘટયો. પરંતુ વિદેશીની મોહજાળ કંઈ જેવી તેવી ગુંચવણભરી નથી. જ્યારે હિન્દના દરેકે દરેક નાના મોટા સ્ત્રી પુરૂષ એ વિદેશીની મોહજાળને ડહાપણથી દૂર ફેંકી દે અને શુદ્ધ સ્વદેશી ભાવનાથી દરેકનું દીલ સારી રીતે રંગાઈ જાય, શુદ્ધ સ્વદેશી નહીં એવી અને ગમે તેવી વિદેશી વસ્તુઓ વગર ચલાવી લેવાની હિમ્મત પોતાનામાં આવે, અને જીવનની જરૂરીયાતો બને એટલી ઓછી કરી નાંખે, તો પછી અવનત થયેલા હિન્દનો ઉદય થવો દુર્લભ નથીજ. બલ્કે તેની લુંટાયેલી ગૌરવતા પુનઃ પ્રાપ્ત થાય, પણ આપણે અનેક પ્રકારના નકામા ભોગ વિલાસવડે સ્વજીવનને સુખશીલ-વિલાસી કરી મૂકયું. તેને માટે જોઈતા ખર્ચ માટે અનેક પ્રકારની ઉપાધિઓ વહોરી લીધી, અને સ્વાર્થ અંધ બની અનેક પાપાચરણો પણ કરવા માંડ્યાં તેને પરિણામે અનેક જીવોને દુઃખ-ત્રાસ ઉપજાવવા શરૂ કર્યા-કરાવ્યાને કરનારને અનુમોદન આપવા માંડયું. કહેવાય છે કે એક હિન્દનીજ પ્રજા માટે પ્રતિવર્ષ બધી મીલોમાં જે જે વસ્ત્રાદિક વણાય છે તેને કાંજી ચઢાવવા માટે વપરાતી ચરબી લગભગ એક ક્રોડ જાનવરોની કતલથી નીપજાવામાં આવે છે. પ્રતિવર્ષ એકલા હિન્દ માટે આટલાં જાનવરોનો જ્યાં ભોગ અપાતો રહે ત્યાં પશુ-ધન કયાંથી વધી શકે ? ઘણે ભાગે વસ્ત્રોને કાંજી ચઢાવવા નિમિત્તે વપરાતી લાખો જાનવરોની ચરબી વિદેશી વસ્તુઓ પ્રત્યે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહીંની પ્રજાનો મોહ વધારવાનેજ ઉપયોગમાં લેવાય છે. વિદેશી વસ્ત્રો જે વરાળયંત્રની મદદથી વણાય છે તેમાં તેનું ઘણું એક સત્ત્વ બળ-ઘટી જાય છે. તેથી તેવાં વસ્ત્ર ગમે તેટલાં મોહક છતાં લાંબો વખત ટકી શકતાં નથી, અને પ્રતિદિન સુખશિલતામાં વધારો કરી મૂકે છે. તેથી બચવા ઈચ્છતા દરેક ભાઈ બ્હેને શુદ્ધ સ્વદેશી વસ્ત્રનોજ આદર કરવો જોઈએ. એથી સાદાઇ આવશે, કરકસરથી રહી શકાશે, ઘણી એક ઉપાધ અળપાઈ જશે અને જીવન નિર્દોષ બનશે. શુદ્ધ સ્વદેશી વસ્ત્રનો ખરા દીલથી આદર કરી સ્વજીવન નિર્વાહ કરતાં તેના અનેક ગુણ સ્વતઃ સમજાશે ત્યારે બીજી અનેક વિદેશી મોહક ચીજો પ્રત્યેનો ચાહ આપોઆપ ઓછો થતો જશે, તેના વગર ચલાવી લેતાં શિખાશે અને શુદ્ધ સ્વદેશી પ્રત્યે સદ્ભાવ આપોઆપ જાગશે. જેથી આપણી ભાવી પ્રજાનું પણ ભારે હિત થશે ને દેશ-સમાજનો પણ ઉદ્ધાર થશે.

ઇતિશમ્

સદ્ગુણાનુરાગી મુનિશ્રી કર્પૂરવિજયજી.

# મુંબઈ ઈલાકાના જૈનોની વસ્તી વિષયીક દશા.

( ગતાંક પૃષ્ઠ ૧૭ થી શરૂ )

**ગયા અંકમાં દર હજારે શહેરમાં કેટલી વસ્તી હતી તે બતાવ્યું છે હવે સાંસારિક સ્થિતિ બતાવીયે છીયે.**

## જૈનોની સાંસારિક સ્થિતિ.

કોઠો ૪ થો.

| કુલ. | | જૈન વસ્તી. | | કુંવારા. | | પરણેલા. | | વિધુર. | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉંમર. | સઘળા. | પુરૂષ. | સ્ત્રી. | પુરૂષ. | સ્ત્રી. | પુરૂષ. | સ્ત્રી. | પુરૂષ. | સ્ત્રી. |
| ૦-૫ | ૫૩૬૫૩ | ૨૬૪૮૮ | ૨૭૧૬૫ | ૨૬૨૬૨ | ૨૬૫૮૨ | ૧૯૧ | ૫૨૭ | ૩૫ | ૫૬ |
| ૫-૧૦ | ૬૨૪૧૯ | ૩૧૭૭૦ | ૩૦૬૪૯ | ૩૧૨૩૬ | ૨૭૭૩૨ | ૪૬૮ | ૨૬૯૧ | ૬૬ | ૨૨૬ |
| ૧૦-૧૫ | ૫૫૫૬૮ | ૩૧૮૪૮ | ૨૬૭૨૦ | ૨૯૯૭૪ | ૧૦૪૩૯ | ૧૭૧૩ | ૭૮૧૦ | ૧૬૧ | ૪૭૧ |
| ૧૫-૨૦ | ૩૯૫૫૩ | ૨૧૫૨૨ | ૧૮૦૩૧ | ૧૫૯૦૮ | ૧૭૬૪ | ૫૩૧૫ | ૧૫૩૦૨ | ૨૯૯ | ૯૬૫ |
| ૨૦-૨૫ | ૪૦૫૩૬ | ૨૧૦૦૩ | ૧૯૫૩૩ | ૮૭૮૯ | ૪૩૪ | ૧૧૪૯૨ | ૧૬૮૯૯ | ૭૨૨ | ૨૨૦૦ |
| ૨૫-૩૦ | ૪૨૫૦૪ | ૨૨૯૧૨ | ૧૯૫૯૨ | ૫૪૯૮ | ૩૪૭ | ૧૫૯૬૮ | ૧૫૬૪૭ | ૧૪૪૬ | ૩૫૯૮ |
| ૩૦-૩૫ | ૩૯૮૭૦ | ૨૦૭૮૩ | ૧૯૦૮૭ | ૨૯૧૯ | ૨૦૬ | ૧૫૯૬૭ | ૧૩૨૧૧ | ૧૮૧૭ | ૫૬૭૦ |

For Private And Personal Use Only

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૫–૪૦ | ૩૧૩૮૫ | ૧૭૦૭૩ | ૧૪૩૧૨ | ૧૭૯૫ | ૧૨૬ | ૧૩૨૩૪ | ૮૫૧૦ | ૨૦૪૪ | ૫૬૭૬ |
| ૪૦–૪૫ | ૩૧૦૩૫ | ૧૫૬૪૬ | ૧૫૩૮૯ | ૧૩૪૭ | ૧૭૦ | ૧૧૬૬૪ | ૭૩૨૧ | ૨૬૩૫ | ૭૮૯૮ |
| ૪૫–૫૦ | ૨૦૧૭૦ | ૧૧૧૪૪ | ૯૦૨૬ | ૭૫૮ | ૪૩ | ૭૯૬૯ | ૩૭૯૩ | ૨૪૧૭ | ૫૧૯૦ |
| ૫૦–૫૫ | ૨૩૪૭૨ | ૧૧૫૧૦ | ૧૧૯૬૨ | ૭૩૮ | ૫૯ | ૧૦૫૯૬ | ૩૪૫૪ | ૩૧૭૬ | ૮૪૪૯ |
| ૫૫–૬૦ | ૧૦૮૩૫ | ૬૦૭૦ | ૪૭૬૫ | ૩૩૭ | ૨૧ | ૩૭૪૫ | ૧૨૧૫ | ૧૯૮૮ | ૩૫૨૯ |
| ૬૦–૬૫ | ૧૪૮૭૪ | ૬૮૦૯ | ૮૦૬૫ | ૨૯૦ | ૩૩ | ૩૮૫૦ | ૧૧૫૮ | ૨૬૬૯ | ૬૮૭૪ |
| ૬૫–૭૦ | ૪૮૨૬ | ૨૪૯૦ | ૨૩૨૬ | ૧૦૫ | ૬ | ૧૨૬૨ | ૩૨૬ | ૧૧૨૩ | ૨૦૦૪ |
| ૭૦ ઉપર | ૭૬૪૨ | ૩૪૦૫ | ૪૨૩૭ | ૧૩૩ | ૨૬ | ૧૪૯૩ | ૩૮૫ | ૧૭૭૯ | ૩૮૨૬ |
| | ૪૮૧૩૪૨ | ૨૫૦૪૭૩ | ૨૩૦૮૬૯ | ૧૨૬૦૮૯ | ૭૫૯૮૮ | ૧૦૧૯૨૫ | ૯૮૨૪૯ | ૨૨૪૫૭ | ૫૬૬૩૨ |

ઉપરનો કોઠો જોવાથી જૈનોની સંસારિક સ્થિતિ કેવી છે તે માલુમ પડે છે. મુંબઈ ઇલાકામાં જૈનોની કુલે વસ્તી ૪૮૧૩૪૨ ની છે તેમાં ૨૫૦૪૭૩ પુરૂષો અને ૨૩૦૮૬૯ સ્ત્રીઓની વસ્તી છે, તેમાં કુંવારા પુરૂષોની સંખ્યા ૧૨૬૦૮૯ ની છે એટલે લગભગ ૫૦ ટકા કુંવારા છે અને પરણેલાની સંખ્યા ૧૦૧૯૨૭ ની છે એટલે લગભગ ૪૧ ટકા પરણેલા છે અને વિધુરની સંખ્યા ૨૨૪૫૭ ની છે એટલે સેંકડે ૯ ટકા વિધુર પુરૂષો છે.

કુલે જૈન સ્ત્રીઓની કુલે સંખ્યા ૨૩૦૮૬૯ ની છે; તેમાં કુંવારિ બાલિકાની સંખ્યા ૭૫૯૮૮ ની છે એટલે સેંકડે ૩૨ ટકા કુંવારિકાઓ અને ૯૮૪૫૨ પરણેલી સ્ત્રીઓની સંખ્યા છે એટલે સેંકડે ૪૩ ટકા પરણેલી છે અને વિધવા સ્ત્રીઓની સંખ્યા ૫૬૬૩૨ સ્ત્રીઓની છે એટલે લગભગ સેંકડે ૨૫ ટકા વિધવા સ્ત્રીઓ છે.

કુંવારા પુરૂષોની સંખ્યા ૧૨૬૦૮૯ ની છે તેમાં પંદર વર્ષની અંદરની ઉંમરના કુંવારાની સંખ્યા ૮૭૪૭૨ ની છે, એટલે પંદર વર્ષની અંદરના ૬૮ ટકા કુંવારા છે અને કુમારિકાની કુલે સંખ્યા ૭૫૯૮૮ ની છે, તેમાંથી દશ વર્ષની અંદરની કુમારિકાની સંખ્યા ૫૪૩૧૪ ની છે એટલે દશ વર્ષની અંદરની કુમારિકાઓ સેંકડે ૭૧ ટકા છે.

૨૦ થી ૪૦ વર્ષની ઉંમરના કુલે જૈનોની સંખ્યા ૮૧૭૭૧ ની છે, તેમાં કુંવારાની સંખ્યા ૧૯૦૦૧ અને વિધુરની સંખ્યા ૬૧૦૯ ની છે એટલે ૨૦ થી ૪૦ વર્ષ સુધીના સેંકડે તેવીસ ટકા કુંવારા અને વિધુરની સંખ્યા સેંકડે સાત ટકા છે.

૨૦ વર્ષની ઉંમરના પરણેલા છોકરાઓની સંખ્યા ૭૬૮૭ ની છે અને કુલે પરણેલાની સંખ્યા ૧૦૧૯૨૭ ની છે એટલે વીસ વર્ષની અંદર પરણેલાની સંખ્યા સેંકડે સાત ટકા આવે છે.

કુલે જૈન પરણેલી સ્ત્રીઓની સંખ્યા ૯૮૨૪૯ ની છે તેમાં ૧૫ વર્ષની અંદર પરણેલ બાળકીઓની સંખ્યા ૧૧૦૨૮ ની છે એટલે ૧૫ વર્ષની અંદરની ઉંમરે પરણેલી બાળકીઓની સંખ્યા સેંકડે અગીઆર ટકા આવે છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

૫૫ વર્ષની ઉપરાંત ઉંમરના પરણેલા માણસો જેઓની સ્ત્રીઓ હૈયાત છે તેમની સંખ્યા ૧૦૩૫૦ ની છે અને ૫૫ વર્ષ ઉપરાંતની પરણેલી સ્ત્રીઓ જેઓના ધણીઓ હૈયાત છે તેમની સંખ્યા ૩૦૮૪ ની છે.

કુલે જૈન સ્ત્રીઓની સંખ્યા ૨૩૦૮૬૯ ની છે, તેમાં વિધવા સ્ત્રીઓની સંખ્યા ૫૬૬૩૨ ની છે એટલે સેંકડે ચોવીસ ટકા જેટલી જૈન કોમમાં વિધવા સ્ત્રીઓ છે.

કુલે જૈન વિધવાઓની સંખ્યા ૫૬૬૩૨ ની છે અને ૨૫ વર્ષની અંદરની વિધવાઓની ૩૯૧૮ ની છે એટલે સેંકડે સાત ટકા જેટલી વિધવાઓ પચીસ વર્ષની અંદરની છે; અને ૨૫ થી ૪૦ વર્ષ સુધી ઉંમરની વિધવાઓની સંખ્યા જેમાં ઉપરની સંખ્યાનો ઉમેરો કરતાં વિધવાઓની સંખ્યા ૧૮૮૬૨ ની છે એટલે લગભગ તેત્રીસ ટકા સેંકડે વિધવાનું પ્રમાણ આવે છે.

## જૈનોની કેલવણી સંબંધિ સ્થિતિ.

કોઠો ૫ મો.

| કુલ. | | જૈન વસ્તી. | | ભણેલા. | | અભણ. | | અંગ્રેજી ભણેલા. | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉંમર. | સઘળા. | પુરૂષ. | સ્ત્રી. | પુરૂષ. | સ્ત્રી. | પુરૂષ. | સ્ત્રી. | પુરૂષ. | સ્ત્રી. |
| ૦–૧૦ | ૧૧૬૦૭૨ | ૫૮૨૫૮ | ૫૭૮૧૪ | ૭૦૨૩ | ૨૭૪૨ | ૫૧૨૩૫ | ૫૫૦૭૨ | ૧૧૨ | ૧૪ |
| ૧૦–૧૫ | ૫૮૫૬૮ | ૩૧૮૪૮ | ૨૬૭૨૦ | ૧૭૯૬૪ | ૫૯૪૭ | ૧૩૮૮૪ | ૨૦૭૭૩ | ૨૦૭૮ | ૧૦૦ |
| ૧૫–૨૦ | ૩૯૫૫૩ | ૨૧૫૨૨ | ૧૮૦૩૧ | ૧૪૭૨૪ | ૪૧૯૭ | ૬૭૯૮ | ૧૩૮૩૪ | ૨૭૯૬ | ૧૦૬ |
| ૨૦ ઉપર | ૨૬૭૧૪૯ | ૧૩૮૮૪૫ | ૧૨૮૩૦૪ | ૮૯૭૭૧ | ૧૩૦૧૬ | ૪૯૦૭૪ | ૧૧૫૨૮૮ | ૭૯૦૯ | ૨૪૨ |
| | ૪૮૧૩૪૨ | ૨૫૦૪૭૩ | ૨૩૦૮૬૯ | ૧૨૯૪૮૨ | ૨૫૯૦૨ | ૧૨૦૯૯૧ | ૨૦૪૯૬૭ | ૧૨૯૦૫ | ૪૬૨ |

ઉપરનો કોઠો આપણી કોમની કેળવણી સંબંધી કેવા પ્રકારની સ્થિતિ મુંબઈ ઇલાકામાં વસતી જૈન પ્રજાની છે તે રજુ કરે છે. ઉપર દર્શાવેલ કેળવણીના આંકડા ફક્ત લખી વાંચી શકે તેમજ સામાન્ય શિક્ષણ લેનારાઓને ભણેલા તરીકે ગણવામાં આવેલ જૈન વિદ્યાર્થીઓને લગતા છે. સદરહુ આંકડાઓ ઉપરથી નજર કરતાં માલુમ પડે છે કે આપણી કોમમાં ૫ થી ૧૫ વર્ષ સુધીનો ઉંમર ધરાવનાર કુલે જૈન પુરૂષોની સંખ્યા ૯૦૧૦૬ ની છે. તેમાં નિશાળે જતા જૈન વિદ્યાર્થીઓ જેઓની ઉંમર ૫ થી ૧૫ વર્ષ સુધીની છે, તેવાઓની સંખ્યા ૨૪૯૮૭ ની છે એટલે ઉપર દર્શાવેલ ઉપરના નિશાળે જતા કેળવણી લેવા યોગ્ય ઉમરવાળા જૈન વિદ્યાર્થીઓ સેંકડે લગભગ સત્તાવીશ ટકા આવે છે. આ ઉપરથી એમ સાબીત થાય છે કે ૫ થી ૧૫ વર્ષ સુધીની ઉંમરના લગભગ સેંકડે તોંતેર ટકા અભણ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. સ્ત્રી કેળવણી તરફ નજર કરીએ તો માલૂમ પડશે કે ૫ થી ૧૫ ની ઉંમરની જૈન બાલિકાઓની કુલે સંખ્યા ૮૪૫૩૪ ની થાય છે. હવે ૫ થી ૧૫ વર્ષની ઉમરની નિશાળે જતી બાળિકાઓની સંખ્યા ૮૬૮૯ ની છે એટલે સેંકડે લગભગ ૯ ટકા સુધી સ્ત્રીઓ શિક્ષણ લે છે, એટલે નેવું ટકા ઉપરાંત અભણ સ્ત્રીઓ છે; ઉંચી કેળવણી ફક્ત અંગ્રેજીમાં અપાય છે તે તરફ જૈન પ્રજાનું લક્ષ ખેંચીશું તો તો માલુમ પડશે કે કુલે ભણેલાની સંખ્યા ૧૨૯૪૮૨ ની છે તેમાંથી અંગ્રેજી વિદ્યા સંપાદન કરનારાની સંખ્યા ૧૨૯૦૫ ની છે એટલે લગભગ ૯ થી ૧૦ ટકા અંગ્રેજી કેળવણી લેતા માલુમ પડે છે. ઉપર પ્રમાણે શિક્ષણ લેતા જૈન વિદ્યાર્થીઓની વસ્તુસ્થિતિ હોવાથી ખાસ જણાવવાની જરૂર પડે છે કે આપણી કોમ એક વેપારી કોમ તરીકે હોવાનો દાવો કરનાર કોમમાં પહેલી પંક્તિમાં ગણાતી હોવાથી, જૈન કોમનું એકપણ બાળક એવું ન હોવું જોઈએ કે જે પ્રાથમિક શિક્ષણ પણ ન લઈ શકે. પ્રાથમિક શિક્ષણ તો દરેક જૈનના ઘરના ઉમરા આગળ ફરજીઆત જેવું ગણાવું જોઈએ અને દાખલ થવું જોઈએ; અને જ્યાંસુધી આવી ભાવના દરેક જૈન માબાપના હૃદયમાં પ્રગટ થશે નહિં ત્યાંસુધી કેળવણીમાં કદાચ–તે જાતિયશિક્ષણવાળી હોય, યા તો રાષ્ટ્રિય શિક્ષણવાળી હોય અથવા તો સરકારી કેળવણી ખાતા મારફતે ચાલતી સંસ્થાઓ મારફતે મેળવાતી હોય–ગમે તેમ હોય તો પણ આગળ કદી વધી શકવાના નથી. આપણી કોમ એક ઉંચી કોમ તરીકે ગણાય છે; અને વ્યવહારને માટે પણ કેળવણીની જરૂરીઆત હોવાથી તેમજ વ્યાપારમાં રોકાએલ કોમ તરીકે હોવાથી તે કેળવણીથી બેનસીબ રહે તે વ્યાપારિક દૃષ્ટિથી પણ નુકસાનકર્ત્તા છે. આ સંબંધમાં વિશેષ લખવાનું આ સ્થાન નહિ હોવાથી અત્રે જણાવવાનું કે ઉપર દર્શાવેલ કેળવણીના આંકડાઓ તરફ જૈનોની ઉન્નતિ અર્થે, જેઓ કોમના હિતમાં રસ લેતા હોય તેવાઓનું ધ્યાન ખેંચવામાં આવે છે. આ બાબત કેમ સુધારી શકાય તે માટે વિચાર કરી યોગ્ય પગલા ભરવાની આવશ્યક્તા છે.

## મુંબઈ ઇલાકામાં તેમજ હિંદુસ્તાનની જૈનવસ્તી.

મુંબઇ ઇલાકામાં જૈનોની ભણેલાની કુલે સંખ્યા સંબંધીના આંકડાઓ જોયા પછી હવે મુંબઇ ઇલાકાના મુખ્ય ગણાતા પ્રાંતોમાં દર હજારે કેટલા પુરૂષો તથા સ્ત્રીઓ ભણેલાં છે, તે નીચેનો કોઠો જોવાથી માલુમ પડે છે.

### કોઠો ૬ ઠો.

| પ્રાંતનું નામ. | દર હજારે કેટલા પુરૂષ ભણેલા છે તેનું પ્રમાણ. | દરહજારે કેટલી સ્રીઓ ભણેલી છે તેનું પ્રમાણ. |
|---|---|---|
| મુંબઈ શહેર | ૭૬૬ | ૩૩૫ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| ગુજરાત | ૮૫૫ | ૩૦૪ |
| કોકણ | ૫૭૮ | ૧૭૬ |
| દખણ | ૫૯૬ | ૬૫ |
| સીંધ | ૬૪૦ | ૨૪૨ |
| કરનાટક | ૨૫૯ | ૨૧ |

ઉપર પ્રમાણે દરેક પ્રાંતમાં દર હજારે ભણેલાનું કેટલું પ્રમાણ આવે છે તે સંબંધી મુંબઇ ઇલાકામાં વસતી જૈનપ્રજાની કેળવણી સંબંધી સ્થીતિનું અવલોકન કર્યા બાદ, આ જૈનોની વસ્તી વિષયક દશાને લગતો ચીતાર સમાપ્ત કરવામાં આવે તે અગાઉ સીમલા મુકામેથી નામદાર સરકારના વસ્તીપત્રકની ગણતરી કરનાર કમીશનર તરફથી આખા હીંદુસ્તાનમાં વસતી જૈનપ્રજાની વસ્તીના આંકડાઓ તથા કેળવણી સંબંધી સ્થતિ રજુ કરનાર કોઠાઓ પુરા પાડવામાં આવ્યા છે જે જૈનોની મીલકત તરીકે હોવાથી, તે સંબંધી ટુંકામાં અત્રે વિવેચન કરવાની જરૂરીઆત સ્વીકારવામાં આવી છે.

## આખા હિંદુસ્તાનની કુલ જૈનવસ્તી.

આખા હિંદુસ્તાનની કુલ જૈનવસ્તી સને ૧૯૧૧ ના વસ્તીપત્રક મુજબ ૧૨૪૮૧૮૨ ની હતી; જેમાં પુરૂષોની સંખ્યા ૬૪૩૫૫૩ ની હતી અને સ્ત્રીઓની સંખ્યા ૬૦૪૬૨૯ની હતી; છેલ્લા વસ્તીપત્રક મુજબ એટલે સ. ૧૯૨૧ની જૈનવસ્તી કુલે ૧૧૭૮૫૯૬ ની છે અને પુરૂષોની સંખ્યા ૬૧૦૨૭૯ તેમજ સ્ત્રીઓની સંખ્યા ૫૬૮૩૧૭ ની છે એટલે સને ૧૯૧૧ ની સાલ કરતાં સને ૧૯૨૧ ની સાલમાં જૈન પુરૂષોની સંખ્યામાં ૩૩૨૭૪ નો ઘટાડો થયો છે અને જૈન સ્ત્રીઓની સંખ્યામાં ૩૬૫૮૬ નો ઘટાડો થયો છે. તે મુજબ સને ૧૯૧૧ ની સાલની જૈનવસ્તી કરતાં સ. ૧૯૨૧ ની સાલમાં વસ્તીમાં કુલે ૬૯૫૮૬ જૈનોનો છેલ્લા દશ વર્ષમાં ઘટાડો થયો છે. જૈનો આચાર વિચારમાં ઉચ્ચ ગણાય છે અને અનફલ આહારી Vegetarian Hindoos તરીકે જૈનો પ્રથમ પંકતીમાં આવે છે છતાં દશ વર્ષમાં સીત્તેર હજાર જેટલા જૈનોનો ઘટાડો થાય તે વિચારવા જેવો પ્રશ્ન છે; જૈનોના વસ્તીના ઘટાડા માટે શરૂઆતમાં દર્શાવેલ વસ્તીની ગણત્રી કરનાર ઑફીસરોના અભિપ્રાય ઉપર જૈનોનું ધ્યાન ખેંચવામાં આવે છે. વસ્તીના ઘટાડા માટે જૈનોમાં થતું મોટું મરણ પણ એક કારણ રૂપે છે. ગમે તેમ હોય પરંતુ તે સંબંધી અભિપ્રાય દર્શાવવાનો અથવા ચર્ચા કરવાનો આ વિષય નહિ હોવાથી, એટલું તો ખરૂં છે કે જૈનોમાં હરીફાઇની કોમો કરતા બાળકોનું મરણ પ્રમાણ તેમજ સામાન્ય રીતે મરણપ્રમાણ વધારે આવે છે. અત્યારે ચારે બાજુ તરફ નજર કરીએ છીએ તો માલુમ પડે છે કે "મરણ પ્રમાણ જે સામાન્ય નિયમરૂપ થઇ પડયું છે અને જીવન જે એક અપવાદરૂપ થઇ પડયું છે" તેને બદ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લે જીવન સામાન્ય નિયમ રૂપ થવું જોઇએ અને મરણ તે એક અપવાદ રૂપે થવું જોઈએ તેટલા માટે આપણી કોમની બીરૂદાવળી કેમ વૃદ્ધી પામે તે સંબંધી લક્ષ આપવાની ખાસ જરૂર છે.

## આખા હિંદુસ્તાનમાં જૈનોની કેળવણી સંબંધી સ્થિતિ.

આખા હિંદુસ્તાનમાં ભણેલાના કોલમ નીચે સને ૧૯૧૧ની સાલના વસ્તી-પત્રક મુજબ ૩૧૮૬૮૫ જૈન પુરૂષો ભણેલા તરીકે નોંધાએલ હતા, અને સને ૧૯૨૧ ની સાલમાં ૩૧૩૪૧૬ જૈન પુરૂષો ભણેલા તરીકે નોંધાયેલ છે. સને ૧૯૧૧ ની સાલમાં જૈન સ્ત્રીઓમાં ભણેલી તરીકે નોંધાએલ સ્ત્રીઓની સંખ્યા ૨૩૧૨૦ ની હતી, જ્યારે સને ૧૯૨૧ની સાલના વસ્તીપત્રક મુજબ ભણેલી જૈન સ્ત્રીઓની સંખ્યા ૪૩૪૬૩ ની છે. ભણેલ તરીકે ગણાતા, નિશાળે જતા જૈન વિદ્યાર્થીઓની સંખ્યામાં ૫૧૬૯ ના ઘટાડો છેલા દશ વર્ષમાં થયો છે; અને તેથી ઉલટી રીતે ભણેલી જૈન સ્ત્રીઓ તરીકેની સંખ્યામાં ૧૯૨૪૩ નો વધારો થયો છે; જે એક ખાસ નોંધ કરવા લાયક બીના રજુ કરે છે. સામાન્ય રીતે છેલ્લા દશ વર્ષની કોમની Public Activity અને જાહેર હીલચાલોની તરફ નજર કરતાં, ભણેલા જૈનપુરૂષોની સંખ્યામાં વધારો થએલો જોવાને સૌ કોઇ ઇચ્છા રાખે તેના કરતા આશ્ચર્યજનક બીના તો એ છે કે પુરૂષોમાં ભણેલા તરીકેનો ઉપર મુજબ ઘટાડો જોવામાં આવે છે અને જૈન સ્ત્રીઓમાં લગભગ સો ટકા જેટલું ભણેલી સ્ત્રીઓનું પ્રમાણ વધ્યું છે. કેળવણીમાં જૈન સ્ત્રીઓ આગળ વધે તે ખરેખર આનંદજનક બીના છે, પરંતુ પુરૂષોની સંખ્યામાં કેળવણીના પ્રગતિમાં ઘટાડો જે છેલ્લા દશ વર્ષમાં હિંદુસ્તાનમાં જોવામાં આવ્યો છે તે ખરેખર અજાયબી ઉત્પન્ન કરે છે. જ્યારે કેળવણીના વિષયમાં એકલા મુંબઈ ઇલાકાની છેલ્લા ત્રીસ વર્ષના કેળવણી આંકડા તપાસીશું તો માલુમ પડશે કે તેમાં કેટલો વધારો થતો જાય છે તે નીચેના કોઠા તરફ નજર કરવાથી સાબીત થાય છે.

| સાલ. | મુંબાઇ ઇલાકામાં કેળવણીની સંસ્થાઓની સંખ્યા. | કુલે નિશાળે જતા વિદ્યાર્થીઓની સંખ્યા. |
|---|---|---|
| ૧૮૯૧ | ૧૧૯૬૩ | ૬૧૯૭૪૦ |
| ૧૯૦૧ | ૧૨૦૮૫ | ૬૩૦૬૮૧ |
| ૧૯૧૧ | ૧૬૧૨૮ | ૮૬૫૯૬૧ |
| ૧૯૨૧ | ૧૯૫૫૨ | ૧૨૨૪૮૮૮ |

ઉપર પ્રમાણે મુંબઇ ઇલાકામાં કેળવણીની સંસ્થાઓ અને નિશાળે જતા વિદ્યાર્થીઓની સંખ્યામાં છેલા ત્રીસ વર્ષમાં વધારો થતો જાય છે, ત્યારે જૈનોમાં નિશાળે જતા જૈન વિદ્યાર્થીઓની સંખ્યામાં સરકારી રિપૅાર્ટ મારફતેજ ઘટાડો રજુ થાય તે ખરેખર ગંભીર બાબત જૈનોને માટે ગણાવી જોઇએ. વધતી જતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેળવણી તરફ ધ્યાન ખેંચતા સીડનહામ કૉલેજ ઑફ કૉમર્સના પ્રૉફેસર કાઝી જણાવે છે કે—

" Education is coming to be regarded as a factor of prime importance in matrimonial calculations and eligibility is determined more by the boy's own qualifications than those of his father and family. "

એટલે " લગ્ન સંબંધી વાતચીત વખતે પણ મા બાપો કરતાં, છોકરાના પોતાના ગુણો અને તેની પોતાની કેળવણી સંબંધી માહીતી એક ઘણીજ અગત્યતા ધરાવનાર મુખ્ય બાબત તરીકે ગણવામાં આવે છે. " ઉપર પ્રમાણે જ્યારે મુંબઇ ઈલાકામાં કેળવણીના પીછાન કરવામાં લગ્ન જેવા અગત્યના પ્રસંગે પણ સામાન્ય નિયમ થઇ પડે તેવે વખતે વસ્તીપત્રક ઉપરથી જૈન કોમના નિશાળે જતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થતો જાય તે ખરેખર ભવિષ્યમાં જૈનપ્રજાને સાંસારિક રીતરીવાજોને અંગે પણ નુકસાનકર્ત્તા છે.

## છેવટનું નિવેદન.

જૈન કોમની અગાઉની જાહોજલાલીનું અત્રે ધ્યાન કરવા બેસીએ તો એક ઈતિહાસ લખી શકાય તેમ છે; છતાં તે સંબંધી ઉલ્લેખ કરવાનો આશય નહિ હોવાથી ટુંકામાં જણાવવાનું કે છેલ્લા દશ વર્ષમાં જૈન કોમમાં સામાજીક સુધારાર્થે કૉન્ફરન્સોના સંમેલનો હીંદુસ્તાનના જુદા જુદા વિભાગોમાં જૈન કોમના ત્રણે ફીરકાઓ તરફથી ભરવામાં આવ્યા હતા એટલુંજ નહિ પરંતુ લડાઈ આદિ કારણો ઉપસ્થિત થવાથી લક્ષ્મીનો પ્રચંડ પ્રભાવ જૈન કોમપર પણ સારી રીતે પડયો હતો અને જૈનોની જાહોજલાલીમાં પણ સંતોષકારક વધારો થયો હતો.

લૉર્ડ કર્ઝન જેવા વાઈસરોયને પણ હીંદુસ્તાનની દોલતનો કેટલોક ભાગ વ્યાપારિક કારણોને લીધે જૈનોના હાથમાંથી પસાર થાય છે તેમ બોલવાની ફરજ પડી હતી; પરંતુ ભરતી પછી ઓટ કુદરતી રીતે આવે છે તેવી સ્થિતિ :પાછળથી થતાં અફસોસકારક બીના તો એ છે જે સોનેરી તક જૈનોને કુદરતે બક્ષી હતી, તેનો જોઈએ તે પ્રમાણમાં જૈન કોમના ઉદયનો લાભ પ્રાપ્ત થયેલ નથી. જો કે કેટલેક ઠેકાણે વિદ્યાર્થી ભુવનો, બાળાશ્રમો, વિદ્યાલયો વગેરે અનેક કેળવણીની સંસ્થાઓ સ્થાપન થઇ છે, છતાં દશ વર્ષનો ઈતિહાસ જોતાં જૈનોની ઘટતી જતી સંખ્યા, કેળવણીને અંગે નિશાળે જતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો તેમજ સાંસારિક જીવન અને મરણ પ્રમાણ વગેરેનો વિચાર કરતાં, આપણી ઉન્નતિનો માર્ગ જેમ નજર કરીએ છીએ તેમ દૂર જતો જાય છે, આ એક અફસોસ કરવા લાયક બીના છે; કારણ કે કોમની સામાજીક હાજતો દૂર કરવા સારૂ એક પણ નિરાશ્રિતખાતું, વિધવાશ્રમ, હૉસ્પિટલ અથવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુવાવડખાતું હસ્તી ધરાવતું નથી. આપણી કોમની અંદર વસ્તીનું સંખ્યાબળ જે પ્રમાણમાં છે તેટલા પ્રમાણમાં ગુણો બહુ જુજ માલુમ પડે છે. અનેક દોષો અને ખામીઓ આપણી ચારે બાજુએ વીંટી વળેલ છે. આપણામાં એકપણ સમાજ-સુધારક તેમજ કેળવણીવાદી જે પરોપકારવૃત્તિથી આત્મભોગ આપી સેવા અર્પણ કરનાર વીરલો જોવામાં આવતો નથી. કોમમાં વધતી જતી ગરીબાઇ, નૈતિક તેમજ આધ્યાત્મિક આદર્શોનો અભાવ, યોગ્ય કેળવણીની ખામી અને દાક્ષીણ્યતા સાથ-ની હૈયાતી અને રાજ્યદ્વારી બાબતોમાં જોવામાં આવતી આપણી કાર્ય કરવાની અશક્તિ, આ બધું આપણી વધતી જતી અધોગતિના કારણરૂપે છે. આ વિષયને અંગે જે ટુંક મુદ્દાઓ જૈન કોમ સન્મુખ મેં મારી ફરજ તરીકે કેવળ રજુ કર્યા છે તે ઉપર મનન કરવા જૈનપ્રજાને હું અપીલ કરૂં છું. આ વિષય જો કે જૈનપ્રજાના મોટા ભાગને નિરસ અને શુષ્ક લાગતો હશે છતાં વસ્તીના ઘટાડાનો પ્રશ્ન, ખુદ જૈનોની હૈયાતિને અંગે લાગતોવળગતો હોવાથી, જૈનભાઇઓના ભાવી ઉદય માટે ઉપયોગી થઇ પડશે એવી અંતઃકરણની ભાવનાથી જૈન કોમ સન્મુખ રજુ કર્યો છે તેથી હિંદુસ્તાનમાં દેશપરદેશ વિહાર કરતા પૂજ્ય મુનિમહારાજાઓ, જેઓ જૈનોની મોટી સંખ્યાબળના સંબંધમાં આવે છે તેમને, તેમજ જૈનોની બહેતરીને માટે પ્રયાસ કરનારાઓ અને જૈન આગેવાનોને, ઉપર દર્શાવેલ વસ્તીપત્રકમાં રજુ કરેલ જૈનોની વસ્તુસ્થિતિ તરફ દષ્ટી કરી, હવે પછીના દશ વર્ષમાં જૈનોની ઉન્નતિને અર્થે કઇ કઇ દિશામાં પ્રયાસો કરવાની જરૂરીઆત છે તે સંબંધી રૂપરેખા આલે-ખવાનું કાર્ય સોંપીને આ લેખ સમાપ્ત કરી જણાવવાની રજા લઉં છું કે જો આ લખાણ, જૈનકોમની ઉન્નતિને અર્થે કાંઇપણ ફાળો આપવામાં સહાનુભૂતિ દર્શાવ-નાર થશે તો આ કરવામાં આવેલી મહેનત સફળ થએલી માનીશ. સુજ્ઞેષુ કિં બહુના!

# આત્માનંદ પ્રાપ્તિનો માર્ગ.

(૨)

## દેહશુદ્ધિઃ

(લે૦—શિષ્ય.)

[ગતાંક પૃષ્ટ ૯ થી શરૂ.]

પ્રભુના પુણ્ય પંથ પર પગલાં માંડવાની અભિલાષા ધરાવનાર! જીવનની સાર્થક્તા કરવાની ધૂન મચાવનાર! સત્‌ને શોધનાર! આપણે આત્માનંદ પ્રાપ્તિ કરવી હોય તો કયા માર્ગ પર જવું જોઇએ, કેટલા માર્ગ છે, તે માર્ગપર શું શું ખૂબીઓ રહેલી છે, વિગેરે બાબતનો વિચાર આપણે એકઠા બેસીને ગયે માસે કરી ગયા. પરંતુ પ્રત્યેક માર્ગપર જતાં અમુક સર્વ સામાન્ય વિઘ્નો તો હોય છે. પ્રભુ તરફ જવાનો માર્ગ—આત્માનંદ પ્રાપ્તિનો માર્ગ કદી સરળ હોતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી, તેના પર શરૂઆતની સ્થિતિમાં ગુલાબ પાથરેલાં નજરે નહિ પડે, પણ કંટક નજરે પડશે. માર્ગને અંતે આનંદ છે–અવર્ણનીય આનંદ છે, પરંતુ શરૂઆતમાં–પ્રારંભમાં તો દુઃખ છે. દુઃખ કોને? આત્માને? નહિ. આત્માને સુખ કે દુઃખ, કંઈ હોતું નથી. સુખ દુઃખની ઉપાધિ સ્થૂલ શરીર, સૂક્ષ્મ શરીર અને માનસ શરીરને વળગેલી છે; અથવા સ્હેલા સરળ શબ્દમાં સમજાય તેમ કહીએ તો દેહ, વાસના અને વિચાર–આ ત્રિપુટીને લીધે સુખદુઃખ રહેલાં છે. આ ત્રિપુટીની પેલી પાર જતાં સુખ દુઃખ જેવું કંઈ નથી. પણ આનંદ છે, પરમાનંદ છે. તે સ્થિતિનો પૂર્ણ ખ્યાલ અત્યારે આપણને ન આવી શકે. કેદીને મુક્ત માણસની સ્થિતિનો પૂર્ણ ખ્યાલ ન આવી શકે. દેહ–વાસના–વિચાર આ ત્રિપુટીને આપણે નચાવવી જોઇએ, તેને બદલે તે આપણને નચાવી રહી છે. આ સ્થિતિમાંથી મુક્ત થવા માટે આપણે શું કરવું જોઈએ તેનો આપણે વિચાર કરશું.

દેહ–સ્થૂળ દેહ માયાદેવીને નૃત્ય કરવાનું સ્થાન છે, અહિંયા પ્રકૃતિ યથેચ્છ રીતે વિહાર કરી શકેછે, શયતાનનું સામર્થ્ય અત્ર વિશેષ પ્રબળ હોય છે. આસુરી સંપત્તિ પોતાના શસ્ત્રોનો ઉપયોગ આ ભૂમિકાપર છૂટથી કરી શકે છે. આ કારણોને લીધે ઘણાઓ એમ માનેછે કે દેહ બંધનકારી છે, દેહ નર્કમાં નાંખનાર છે. જો શાંતરીતે વિચાર કરીએ તો આ બાબતમાં સત્ય કેટલે અંશે રહેલું છે તે સમજાશે. જો કોઈ પણ શસ્ત્ર પાસે રાખવામાં આવે તો ફાયદો–લાભ પણ છે અને ગેરફાયદો –હાનિ પણ છે. લાભ કે હાનિ શસ્ત્રના ઉપયોગ કરનાર પર અવલંબેલ છે. જો શસ્ત્રનો ઉપયોગ કરતાં આવડે તો આત્મરક્ષણ થઇ શકે અને અન્યનું રક્ષણ પણ સમય પરત્વે થઈ શકે. પણ જો શસ્ત્રનો ઉપયોગ કરતાં ન આવડતો હોય અને માત્ર શોભાનું ટાંગી રાખેલું હોય તો કોઇ દીવસ અન્યજન આવી આપણાજ શસ્ત્રથી આપણો શિરચ્છેદ કરી નાંખે, અથવા કદાચ બરોબર ઉપયોગ કરતાં ન આવડતો હોય તો આપણા પોતાના હાથથી આપણા દેહને આપણેજ ઇજા કરીએ. શસ્ત્ર મારે છે, જીવાડે છે કે હાનિ કરે છે; પણ ખરી રીતે તે શસ્ત્ર કરતું નથી પણ શસ્ત્રને ધારણ કરનાર કરે છે. તેજ પ્રમાણે દેહનું સમજવાનું છે. દેહ બંધનકારી છે તેમજ મોક્ષકારી પણ છે. દેહ નર્કમાં નાંખનાર છે તેમજ સ્વર્ગમાં નાંખનાર પણ છે. તે માયાદેવીને નૃત્ય કરવાનું સ્થાન છે તેમજ યોગદેવીને નૃત્ય કરવાનું પણ તે સ્થાન છે. ત્યાં પ્રકૃતિ યથેચ્છ રીતે વિહાર કરી શકેછે તો પુરૂષ પણ થૈ થૈ નાચી શકે છે. શયતાનનું સામર્થ્ય છે તો શક્તિનું પણ સામર્થ્ય છે. આસુરી સંપત્તિ તે ભૂમિકાનો ઉપયોગ કરે છે તો દૈવી સંપત્તિ પણ ત્યાં પોતાની ધ્વજા ફરકાવી સ્વરાજ્યનો ડંકો વગાડે છે. ટુંક શબ્દોમાં કહીએ તો, દેહ આપણને નચાવેછે તો પહેલા પક્ષનો વિજય થાય છે, અને જો આપણે આપણી મરજી મુજબ દેહને નચાવીએ છીએ, તો બીજા પક્ષનો વિજય થાય છે. અત્યારે આપણામાંના ઘણાખરા કયી સ્થિતિમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે? પહેલી સ્થિતિમાં. આપણે બીજી સ્થિતિમાં આવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. આપણા પ્રયાસ ફલીભૂત થાય તે માટે કઇ કઇ બાબતો ધ્યાનમાં રાખવા જેવી છે? જે બાબતો દેહને લગતી હોય તે. જેમકે અન્નપાણી, વિહાર, શયન, અર્થપ્રાપ્તિ વિગેરે. અન્ન–પાણીથી દેહ ટકે છે. અન્નપાણી વગર સામાન્ય માનવીનો દેહ ટકી શકતો નથી. ત્યારે અન્ન–પાણી કેવાં લેવા જોઇએ તે પ્રશ્ન ઉઠે છે. રજસ્ અને તમસ્ નું પ્રાગટ્ય થાય તેવાં અન્નપાણી લેવા ન જોઇએ પણ સત્વનું પ્રાગટય થાય તેવાં લેવા જોઇએ. અતિ ખારાં, ખાટાં, તીખાં કે ગરમ પદાર્થો ખાવાં ન જોઇએ. પરંતુ અફસોસ! આજે તેવાંજ પદાર્થો આપણે ખાવામાં આનંદ માની રહ્યા છીએ. જો કોઇ આવા રસ વગરના પદાર્થો ખાય છે તો તેને આપણે જંગલી, બુડથલ આદિ શબ્દોથી બોલાવીએ છીએ. અગાઉ આપણા બાપદાદાઓ તદ્દન સાદા ભોજનો ખાતા હતા. વાર પ્રસંગે અતિ રસવાળા પદાર્થો ખાતાં હતાં અને તે પણ નિયમમાં રહીને. આજે આપણે ખાવામાં નિયમ રાખતા નથી. અતિશય વધારે પણ ખાવું નહિ તેમજ અતિશય ઓછું પણ ખાવું નહિ. જ્યારે ક્ષુધા લાગે ત્યારે ખાવું જોઇએ. આજે ઘણાઓને ખબર પડતી નથી કે પોતાને ક્ષુધા કયારે લાગેછે અને કયારે તે તૃપ્ત થાય છે. આ જમાનામાં ઘણેખરે ભાગે આપણે ભૂખ લાગી હોય ત્યારે ખાઇ શકતાં નથી પણ અમુક સમયે આપણે જમી લેવું પડેછે. કારણકે આપણો વ્યવહાર તેવો થઇ ગયો છે, આપણે કુદરતના નિયમની વિરૂદ્ધ જઈએ છીએ અને આપણે સહન કરીએ છીએ. આ જમાનામાં ક્ષુધા આપણને જમાડતી નથી પણ વખત આપણને જમાડે છે. વખતની પણ બલીહારી છે! માણસે ત્યારે આ સંયોગોમાં શું કરવું? એવી ટેવ પાડવી જોઇએ, અને એવી રીતે અને એટલું અન્ન લેવું જોઇએ કે, ખાસ સાંજોગો સિવાય અમુક વખતેજ ભૂખ લાગે. અને તેથી નિયમ કરેલે સમયે જમી લેવું. સાદું ભોજન ખાવાથી જેટલી તૃપ્તિ થાય તેટલી તૃપ્તિ મિષ્ટ પદાર્થો ખાવાથી થતી નથી. માત્ર થોડા દીવસ સુધી ટેવ પાડવાની જરૂર છે. બહુજ ચાવીને તથા જીંહાપરનો રસ સાથો સાથ ભેળવતાં ભેળવતાં ખાવું જોઇએ. આવા નિયમો પાળવાની ખાસ જરૂર છે. દેહ નૌકાવડે ભવસાગર તરાય છે. તે નૌકાનો યોગ્ય ઉપયોગ કરતાં શીખવું જોઇએ. દરેક મહાન પુરૂષે દેહનો યોગ્ય ઉપયોગ કરવાનું કહ્યું છે અને અત્યારે પણ કોઇ રાજયોગી, જ્ઞાની, ભકત કે કર્મયોગી પાસે જઇએ છીએ તો તે પણ દેહની યોગ્ય સંભાળ રાખવાનું કહે છે. દેહમાં કયી જાતનો ખોરાક નાંખીયે છીયે તે બાબત પર ખાસ લક્ષ રાખવાની ગંભીર સૂચના આપે છે. ભગવદ્ગીતામાં કહ્યું છે કે–" જીવન, ઉત્સાહ, બળ, આરોગ્ય, સુખ અને આનંદને વધારનારા, સ્વાદિષ્ટ, ચીકાશવાળા, સારવાળા અને મનને રૂચે એવા આહારો સાત્વિક મનુષ્યોને પ્રિય હોય છે. વળી કડવા, ખાટા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખારા, અતિ ઉના, તીખાં, લુખા, દાહ કરનારા તથા દુઃખ શોક અને વ્યાધિ ઉત્પન્ન કરનારા આહારો રાજસી મનુષ્યોને પ્રિય હોય છે. ઘણા વખત પહેલાં રાંધેલું, સ્વાદ વિનાનું, સડેલું, દુર્ગંધવાળું, જમતાં બાકી રહેલું અને અશુદ્ધ ભોજન તામસી મનુષ્યોને પ્રિય હોય છે ” આપણામાંના ઘણાખરા રાજસી છીએ. આપણે સાત્વિક બનવું છે, તો આપણો ખોરાક પણ સાત્વિક હોવો જોઇએ. જે જળ પીએ તે પણ શુદ્ધ હોવું જોઇએ, ગળેલું હોવું જોઈએ, અને બને તો ઉકાળેલું પીવું જોઈએ. દેહને દરરોજ સ્નાનથી શુદ્ધ રાખવો જોઈએ. કયાંય પણ મેલ રાખવો ન જોઇએ. શરીરના ગુહ્ય ભાગોને પણ બહુ સ્વચ્છ રાખવા જોઈએ. જે બાબત તરફ ઘણાઓ બહુ બેદરકાર હોય છે. ખાસ કરીને આપણા હાથ અને પગના નખો સાફ રાખવા જોઇએ. તેમાં મેલ ભરાએલો રાખવો ન જોઈએ. કારણકે હાથ પગના આંગળા દ્વારા આપણું મેગ્નેટીઝમ–જીવન પ્રવાહ બહાર વહ્યા કરે છે. આપણા શરીરમાંથી દુર્ગંધ ન નીકળવી જોઇએ. સુવામાં પણ ધ્યાન રાખવાનું છે. બહુ જાગવું ન જોઇએ તેમજ બહુ ઉંઘવું પણ ન જોઇએ. અમુક કલાક સુવું જોઇએ અને અમુક સમયે સુવું જોઇએ. જેમ બને તેમ રાત્રિના પ્રથમના સમયમાં સુવાય અને પાછલા ભાગમાં જગાય તો ઉત્તમ છે. સુવાની શય્યા બહુ પોચી ન હોવી જોઇએ. જરા કઠણ હોય તો સારૂં. શય્યા પર પાથરવાની ચાદર તથા ઓઢવાનું વસ્ત્ર દરેકનું જુદું હોવું જોઇએ. બીજાને તે ચાદર કે વસ્ત્રનો ઉપયોગ કરવા બનતા સુધી ન આપવો. રાત્રે સુતી વખતે હાથ પગ મોઢું ધોઇ સાફસુફ કરી સુવાની ટેવ પાડવી. પ્રત્યેક સુજ્ઞજને પોતાની અર્ધાંગનાને આ બાબત સમજાવવા પ્રયત્ન કરવો. સમજણથી જે કાર્ય થાય છે તે કાર્ય આજ્ઞાથી થતું નથી. તેની બુદ્ધિને પણ તે બાબત ઠસાવવી જોઈએ. એ બાબત તેને સત્ય ભાસે છે તો કદાચ કોઇ વખત પુરૂષ ભૂલ કરવાની તૈયારીમાં હોય ત્યારે સુજ્ઞ અર્ધાંગના શાંતરીતે તેનું ધ્યાન તે બાબત પર ખેંચી શકે. ગૃહસ્થાશ્રમ એ એક દૈવી યજ્ઞ છે. શુદ્ધ વિહારદ્વારા દૈવી જીવનની પ્રભા પડે છે અને નિયમ વગરના અને અશુદ્ધ વિહારદ્વારા રાક્ષસી જીવનની કાળાશ પથરાય છે. પવિત્ર સ્ત્રીપુરૂષ પવિત્ર બાલકના માતાપિતા બની શકે છે. આ બાબત અત્યંત અગત્યની છે. પ્રત્યેક નવયુવક અને યુવતીને સમજાવવા જેવી છે; પણ ખોટી લજ્જાના બ્હાના નીચે ઢાંક પીછોડો કરીએ છીએ, તેઓનું ધ્યાન સ્પષ્ટ શબ્દોમાં ખેંચતા અચકાઇએ છીએ અને પરિણામ એ આવ્યું છે કે આજે આપણે ત્યાં નિર્માલ્ય સંતાનો જન્મે છે. જે બાબત ધાર્મિક ક્રિયા જેટલીજ અગત્યની છે તેને વિષે સમજાવતાં આપણે લજવાંઈએ છીએ. આત્માનંદ પ્રાપ્તિના માર્ગપર પડનારે આ બાબતપર ગંભીરપણે ધ્યાન આપવાની આવશ્યક્તા છે. તે પોતાનું જીવન યજ્ઞમય જીવન બનાવી શકે છે.

વારંવાર દેહને વ્રત, તપ, ધ્યાન ઉપવાસાદિકથી પવિત્ર રાખવાની જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ દેહને એટલે અંશે કષ્ટ આપવાની જરૂર નથી કે તેની શક્તિ ચાલી જાય ત્યાંસુધી વ્રત તપાદિક કરવા. ઘણીવાર નહિ તો પરિણામ એવું આવે છે કે દેહને શુદ્ધ કરવા જતાં સ્વભાવ બગડી જાય છે–ચીડીઓ બની જાય છે. એટલે એક બાબતમાં લાભ કરવા જતાં બીજી બાબતમાં ગેરલાભ થાય છે. પરિણામ એ આવે છે કે આપણે હતા ત્યાંના ત્યાં રહીએ છીએ. સંયમને માટે વ્રત તપાદિકની જરૂર છે. તે આપણે આપણી ખાતર કરવાના છે. પણ અત્યારે તો ઘણે અંશે દેખાદેખીથી થાય છે. દૃષ્ટિબિંદુ જુદું હોય છે. વ્રત, તપ કે ઉપવાસ અમુક નિયત કરેલે સમયે કરવા તેના કરતાં જ્યારે તેને એમ લાગે કે કરવાની જરૂર છે ત્યારે પણ કરવા એમાં આનંદ રહેલો છે. એમ કરવાથી માનવી સજ્ઞાન પોતાના દૈહિક જીવન પર નજર રાખી શકે છે.

દેહને શુદ્ધ અને મજબુત રાખવા માટે દરરોજ વ્યાયામ–કસરત કરવાની જરૂર છે. આજે આપણે એમજ સમજી બેઠા છીએ કે કસરત માત્ર બાલકોએ કરવાની છે. અને મોટાઓએ નહિ! પણ તેમાં પણ આપણી ભૂલ છે. જેટલી જરૂરિયાત કસરત કરવાની બાલકને છે, તેટલીજ જરૂરિયાત મોટા માણસને પણ છે. શરીરના વિકાસ માટે, શરીરની શુદ્ધિ માટે નિયમિત વ્યાયામની જરૂર છે. નિયમિત વ્યાયામ કરવાથી શરીર હલકું ફૂલ જેવું રહે છે. કાર્ય શીઘ્ર બને છે. શરીરમાંથી પ્રમાદ ચાલ્યો જાય છે. દરરોજ માત્ર પાંચ દશ મિનિટ નિયમિત કસરત થાય છે તો બહુજ આનંદ રહે છે. કસરત કરવા બહાર જવાની જરૂર નથી. ઘરમાં જ્યાં સારી રીતે પવન આવતો હોય ત્યાં ઉભા રહી કસરત કરવાની છે. ખાસ કરીને દીર્ઘશ્વાસ લેવાની ટેવ પાડવાની જરૂર છે. અમુક સંખ્યામાં પ્રાણાયામ જો માનવી નિયમસર દરરોજ કરે છે તો તેનું શરીર ભાગ્યેજ બગડે છે. પ્રાણાયામ કરવાની ટેવ વિદ્યાર્થી અવસ્થામાં પાડવાથી બહુ ફાયદાકારક નિવડે છે.

અંતે દેહનો ઉપયોગ, માત્ર પૈસો પેદા કરવામાં, કરવાનો નથી. આપણે જે પૈસા–દ્રવ્ય–ધન કમાઇએ છીએ તે વ્યાજબી રીતે, ન્યાયની રીતે, યોગ્ય રીતે કમાઇએ છીએ કે નહિ, તે જોવાનું છે. અન્યના ગળાં કરી પ્રાપ્ત કરેલા દ્રવ્યના અન્નથી પોષાએલ દેહ સુકૃત્ય કરી શકતો નથી. અને તેથી પ્રાચીન કાળમાં મહાન પુરૂષોએ અર્થ શૌચમની બાબત પર બહુ ભાર મુકયો છે. આજે આપણે તે બાબતને હસી કાઢીએ છીએ! પણ આપણા તે હસવાની પાછળ શેતાનનો ખડખડાટ પણ સંભળાય છે. શેતાન ખુશી થાય છે કે આ માનવી કેવો મૂર્ખ બને છે? આપણે મૂર્ખ બનીએ છીએ અને વળી હસીએ છીએ. આ બાબતની ગંભીરતા પર ઘણાઓ ધ્યાન દેતાં નથી, પણ જ્યારે દેહ વ્યાધ ગ્રસ્ત થાય છે, જ્યારે અનેક રોગથી ઘેરાઈ જાય છે, ત્યારે ચિંતા થાય છે, ત્યારે અર્થશૌચની મહત્તા સમજાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રિય વાંચનાર ! તું કહીશ કે આ બાબતો ઝીણી છે. આમાં કયાં મહત્ત્વની બાબત છે! આ બધી બાબત તો હું સમજું છું. દેહને શુદ્ધ સાત્વિક ખોરાક આપવો જોઈએ, નિર્મળ જળ આપવું જોઈએ, વિહારમાં મધ્યમતા જાળવવી જોઈયે, વ્યાયામ દરરોજ કરવો જોઈએ, અર્થ શૌચ પર ધ્યાન આપવું જોઇએ. વિગેરે બાબત હું સારી રીતે જાણું છું. પણ વ્હાલા વાંચનાર ! હું તને નમ્રતાપૂર્વક પૂછું છું કે આપણે આ બાબતો જાણીએ છીએ, પણ તેનો યોગ્ય અમલ કરીએ છીએ ખરા ? તે પ્રમાણે વર્તીએ છીએ ખરા ? તે પ્રમાણેનું આપણું વર્તન છે ખરૂં ? જો વર્તતા ન હોઇએ તો જાણ્યું કે ન જાણ્યું તે સરખું છે. દેહ સંબંધી ચર્ચેલી બાબતો અગત્યની નથી એમ તું ન ધારતો. તે બાબતો તો મૂળ પાયા રૂપ છે. દેહશુદ્ધિ વગર આત્માનંદની પ્રાપ્તિ કોઈને થઇ નથી અને કોઈને થવાની પણ નથી· આપણે મોટા મોટા જ્ઞાનની વાતો કરીએ છીએ પણ જ્યાં સુધી દેહશુદ્ધિના રસ્તા પર પડતા નથી ત્યાં સુધી આધ્યાત્મિક પંથના દ્વારના દર્શન થતાં નથી. આજે આપણે આ બાબતો પર ધ્યાન આપતા નથી અને તેને નકામી ગણીએ છીએ, પણ તે ખરેખર કામની છે. આધ્યાત્મિક પંથ પર ચડનારે આ પ્રથમની બાબતો પર બહુ બારિકીથી ધ્યાન આપવાનું છે. કોઈપણ આત્માનંદ પ્રાપ્તિ કરેલ યોગીજન પાસે જશું તો તે પણ દેહશુદ્ધિ કરવાનું ભાર દઈને કહેશે. દેહશુદ્ધિ, વાસનાશુદ્ધિ અને વિચારશુદ્ધિ આ ત્રણ બાબતની શુદ્ધિ કરવાનું ભાર દઈને કહેશે. દેહનો પ્રમાદ દૂર કરવાનો છે. આપણને કોઇ સારૂં કાર્ય કરવાની તક મળે છે ત્યારે દેહ પ્રમાદી બની એમ નથી કહેતો કે " તે કાર્ય કોઈ કરશે, મારે શા વાસ્તે કરવું જોઈએ ?" હા, તેમ બને છે. કોઈને સહાય કરવાનો પ્રસંગ આવે છે ત્યારે દેહ પોકારો ઉઠતો નથી કે " હું શું સહાય કરવાનો છું એ તો બીજા કરશે. બીજા કયાં સહાય કરનારા નથી ?" હા, તેમ બને છે. અને આપણે સહાય કરવાની શુભ કર્મ કરવાની તક ગુમાવીએ છીએ. જયારે કોઇ સારૂં કાર્ય જેમાં મહેનત લેવાની હોય છે તે કરવાનું હોય છે ત્યારે દેહ આપણને નથા કહેતો "એ અગવડમાં મારે શા માટે પડવું જોઇએ ? અમુક કામ કર્યા બાદ જો ફુરસદ હશે તો પછી તે કાર્ય કરશું." આમ ફોસલાવી આપણને ખરા રસ્તા પરથી અનેક વાર દૂર લઇ જાય છે તેનો આપણને કયાં અનુભવ નથી અને તેથી પ્રથમ વિઘ્ન તરીકે દેહને ગણાવેલ છે અને તેથીજ દેહશુદ્ધિની પ્રથમ જરૂર છે. ખરેખરી રીતે દેહ, વાસના અને વિચાર ત્રણેની શુદ્ધિ સાથે કરવાની છે. પણ આપણે ત્રણે બાબત પર સાથે ચર્ચા કરી ન શકીએ અને તેમ દેહ શુદ્ધિની બાબતની ચર્ચા પહેલી કરીએ છીએ. ગુરૂકૃપાથી હવે પછી વાસના શુદ્ધિ અને વિચારશુદ્ધિપર ચર્ચા કરશું. પ્રભુ સૌનું કલ્યાણ કરો. ॐ तत्सत्.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન ઐતિહાસિક સાહિત્ય.

( ગતાંક પૃષ્ટ ૨૦ થી શરૂ. )

પાટણ શહેરના અમીરોમાં **શ્રીદત્ત** શેઠ કરીને એક પ્રતિષ્ઠિત ગૃહસ્થ તે વખતે નગર શેઠની પદવી ઉપર હતો. તેઓ જૈનધર્મી હોવાથી પાટણના સંઘમાં પણ તેમની ઘણી ઉંચી પ્રતિષ્ઠા હતી. વેપારમાં પણ કુશળ હતો. જ્યારે પાટણની ગાદી ઉપર મહારાજા ભીમદેવ બેઠા ત્યારે રાજતિલક આ ભાગ્યશાળી શેઠના હાથથી કરાવ્યું હતું. શ્રીદત્ત શેઠને **શ્રીદેવી** નામની સુભાગ્ય એક કન્યા હતી. શ્રીદેવીની સગાઇ કરવા માટે શ્રીદત્તશેઠ સારૂં ઘર શોધતા હતા, પરંતુ સર્વ ગુણસંપન્ન સ્થાન હજુ સુધી મળી શક્યું નહોતું. જે દિવસ **વિમલકુમારના** ઘોડાએ પાટણની ભરબજારમાં તોફાન મચાવ્યું હતું, તે વખતે જે સ્ત્રીમંડળ સામેજ આવી અટક્યું હતું તેમાં આ **શ્રીદેવી** સાથે હતી, જેથી તે વખતે વિમલકુમારનું રૂપ દેખતાંજ તેના ઉપર તેના હૃદયમંદિરમાં સ્નેહભાવ પ્રકટ થયો હતો.

શ્રીદત્તશેઠને **ચંદ્રકુમાર** નામનો એક પુત્ર હતો. આ પુત્ર સદ્વર્તનશાલી હોવાથી શેઠ પોતાને સુખી માનતો હતો. કોઈ સુપ્રસિદ્ધ ગૃહસ્થની **લલિતા** નામની પુત્રી સાથે ચંદ્રકુમારનું પાણીગ્રહણ કરવામાં આવ્યું હતું. લલિતા વ્યવહાર કુશળ હોવાથી કુટુંબના સર્વે માણસો પ્રતિ ઉંચા પ્રકારનો વ્યવહાર રાખતી હતી.

શ્રીદત્તશેઠ પોતાની કન્યાના વર માટે શોધવાનું કાર્ય એક પ્રખ્યાત જ્યોતિષીને સોંપ્યું હતું. જ્યોતિષીએ ઘણી મેહેનત કરી; પરંતુ આ કન્યાને યોગ્ય વર ન મળ્યો, છેવટે ઘણા વખત પછી પ્રયાસ કરી જ્યોતિષીએ આવી શેઠને વધામણી આપી કે શેઠજી, જે કાર્ય માટે હું ફરતો હતો તે કાર્ય પૂર્ણરીતે આજે સફળ થયું છે. શેઠે કહ્યું કે કયા ભાગ્યશાળી માટે તમો જણાવો છો ? જ્યોતિષીએ કહ્યું કે શેઠજી ! **વીરમંત્રીની** કીર્તિને કોણ નથી જાણતું ? તેની ગેરહાજરીમાં પણ તેની સહસ્ર ગણી કીર્તિ વધારનાર **વિમલકુમાર** તેમનો પુત્ર સંસારમાં જયવંત છે. તેના રૂપથી દેવતા પણ મોહીત થાય છે, અને સદાચારમાં દુનિયાના પ્રમાણ પુરૂષો કરતાં પણ તે વધી જાય છે. પુરૂષની બહોંતેર કળાનો જાણ છે, વળી તેની જન્મકુંડલી મારા હાથથી થયેલી હોવાથી આપને જણાવું છું કે આજકાલ સંસારમાં આ વિમલકુમારને સર્વોત્તમ પુણ્યવાન પુરૂષ માનું છું. જ્યોતિષીના આ પ્રમાણે વચન સાંભળી પોતાની સ્ત્રી તથા પુત્ર ચંદ્રકુમારને આ હકીકત જણાવી જેથી સર્વ સંમત્ત થયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહીં પણ **કુમારી શ્રીદેવી**એ પણ જ્યારથી **વિમલકુમારને** જોયો હતો ત્યારથી તેના ઉપર સ્નેહવતી થયેલી હતી અને રાત્રિ દિવસ **વિમલકુમારનું** ધ્યાન ધરતી હતી અને તેને લઇને તે ચિંતા કરતી હતી. પોતાની ભાભી લલિતાના મુખથી ઉપરના સમાચાર સાંભળી **શ્રીદેવી** અત્યંત ખુશી થઇ હતી.

ત્યારબાદ **ચંદ્રકુમાર** પોતાના પિતાની આજ્ઞા લઇ વિમલકુમારને મોશાળ આવ્યો. અને તેની માતા **વીરમતી**ને પોતાનો વિચાર જણાવ્યો, જેથી વિમલકુમારના મામા પાટણ આવ્યા. શ્રીદેવીને જોઇ તેને પુર્ણ સંતોષ થવાથી લગ્નનો નિશ્ચય કર્યો. અને પોતાને ઘેર આવી પોતાની બ્હેન વીરમતીને જણાવ્યું કે, **વિમલ**ના પુણ્યથી આ ઉત્તમ ઘટના બની છે જેથી માતા સંતોષ પામી. પુત્રના લગ્ન કરવાના હોવાથી તેમજ પાટણ પણ જવું પડશે, જેથી આજ અમારી સારી સ્થિતિ નથી એમ જાણી માતા વારંવાર સંકુચિત રહેતી હતી, પરંતુ ભાગ્યવાનને કોઇ મુશ્કેલી રહેતી નથી.

વિમલકુમારના મામા વેપાર અને ખેતી બંને કરતા હતા. એક દિવસ **વિમલકુમાર** મામાની સાથે ખેતર તરફ જતો હતો. રસ્તામાં જતાં જતાં કોઇ સ્થળે પોલી જમીન જોઇ પોતાના હાથમાં લાકડી હતી તે ભોંકી, તે લાકડી વાંકી થઇને અંદર ઉતરી ગઇ, જેથી વિમલકુમારને સંશય પડવાથી તેના ઉપરથી માટી કાઢી નાંખી, નીચે ખોદતાં એક ચરૂ સંપૂર્ણ ધનથી ભરેલો મલી આવ્યો, તે લઇ કુમાર ઘેર આવ્યો, અને માતાને સર્વ વૃતાંત જણાવ્યો. માતા અતિ હર્ષપૂર્વક બોલી પુત્ર ? તું ઘણો ભાગ્યશાળી તથા પુણ્યવાન છો. અને અત્યારેજ આ નિધાન જે પ્રકટ થયું છે જેથી નિશ્ચય થાય છે કે **શ્રીદેવી** પણ પૂર્ણ સૌભાગ્યવતી તેમજ પુણ્યવંતી છે અને તારી કીર્તિમાં પણ તેથી વધારો થશે માટે બેટા ! ધર્મ આરાધન કર જેથી તારા પુણ્યમાં વિશેષ વૃદ્ધિ થાય.

પુષ્કળ ધન પ્રાપ્ત થવાથી માતા અત્યંત ખુશી થઇ અને વિમલકુમારના લગ્ન કરવા માટે પોતાના ભાઇ અને તેને લઇને પાટણ આવી અને લગ્નની સર્વ સામગ્રી તૈયાર કરાવવા માંડી. શ્રીદત્ત શેઠે પણ તૈયારી કરી અને શુભ દિવસે મ્હોટા આડંબરથી વિમલકુમાર અને શ્રીદેવીનું પાણીગ્રહણ કરવામાં આવ્યું. શેઠે પણ પોતાની પુત્રીને અખૂટ સંપત્તિ આપી લગ્નપ્રસંગે વિમલકુમારે મહારાજા ભીમદેવને પણ આમંત્રણ કર્યું અને કુમારની ભક્તિથી રાજા બહુજ હર્ષ પામ્યો અને વિમલકુમારને રાજ્યનો એક અધિકારી બનાવ્યો. અને કેટલાક દિવસબાદ રાજાએ વિમલકુમારને તેના પિતાની જગ્યાપર પોતાનો મંત્રી બનાવ્યો. કુમાર જેમ જેમ અધિકાર અને સંપત્તિમાં વધવા લાગ્યો તેમ તેમ વધારે સદ્દગુણનો સંચય કરતો ગયો. અને આ સર્વ ધર્મકલ્પવૃક્ષનું ફળ છે તેમ સમજી ધર્મકૃત્યો વિશેષ કરવા લાગ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીદેવી પણ માતપિતા તરફથી સુસંસ્કાર પામેલી હોવાથી ઘરકાર્યમાંથી નિવૃત થતાં સામાયિક આદિ ધર્મકાર્યો કરતી અને તેવા વખતમાં પોતાની સાસુ પાસે ધર્મપુસ્તકો વાંચતી.

વિમલકુમારની ઉન્નતિ તે, તે વખતના દામોદર મહેતા જે પ્રથમ મંત્રી હતા તેને આમ જૈન ધર્મનો ઉદય રાજ્યમાં થતો જતો હોવાથી ખટકયા કરતી હતી.

તે વખતના **શ્રી દ્રોણાચાર્ય** અને **શ્રી સુરાચાર્ય** એ બે મુનિરાજો જૈનાચાર્ય હોવાથી મહા વિદ્વાન અને બુદ્ધિશાળી હતા. રાજા ભીમદેવ તેઓને બહુ માનપૂર્વક જોતો હતો, વળી **જૈનાચાર્ય શ્રીજિનેશ્વરસૂરિ** પાસે બાલ્યાવસ્થામાં રાજા ભીમદેવ ભણ્યો હતો જેથી રાજાની જૈનધર્મ ઉપર શ્રદ્ધા વધતી જતી જોઈને પણ દામોદર મંત્રી વિચારમાં ગુંથાયો રહેતો હતો.

ભીમદેવના રાજ્યાભિષેક વખતે શ્રીદત્ત શેઠે તિલક કરવા રજા માંગી, મળી અને કર્યું; કે જે હક સેનાપતિ કે મુખ્ય મંત્રીનો હતો; તે હકીકત દામોદર મંત્રીએ તે વખતે સેનાપતિ સંગ્રામસિંહ અને મંત્રી સામંતસિંહને જણાવેલ, પરંતુ સામન્તસિંહ મારવાડનો રહીશ ને રાજ્યનો નિમકહલાલ નોકર હોવાથી તેણે દામોદર મંત્રીને જણાવ્યું કે, અમો તો વિશ્વાસથી રાજ્યસેવા કરનારા છીયે, તેથી એક બીજાના ખરાબમાં ઉતરવા માંગતા નથી અને આપ તો દાના છો જેથી એટલી વિનંતિ છે કે રાજ્યના કામોમાં ધર્મના ઝગડા શામાટે આગળ કરવા જોઇએ ?

એક વખત રાજા ભીમદેવ કચેરીમાં બેઠો છે, દરમ્યાન એક દૂતે આવી ખબર આપ્યા કે સિંધુ અને ચેદિ દેશનો રાજા આપની આજ્ઞા માન્ય કરતો નથી અને ગુજરાતના છત્રપતિ અને રાજ્ય રક્ષક મંત્રીવરોની નિંદાનો ગ્રંથ તૈયાર કરાવ્યો છે. અને તેની પાસે બળ પણ ઘણું છે; કારણ કે તેમણે ઘણા રાજાઓને વશ કરી લીધા છે. અને ઘણોજ અભિમાનમાં આવી ગયો છે જેથી આપને ખબર આપવા આવ્યો છું.

રાજા ભીમદેવે આ સમાચાર સાંભળી સંગ્રામસિંહ તરફ જોયું, જેથી સંગ્રામસિંહે ઉભા થઇ કહ્યું કે, મહારાજની આજ્ઞા હોય તો બંને દેશ ઉપર ચડાઇ કરવા સેવક તૈયાર છે ! તે સાંભળી રાજાએ સૈનિકો અને શસ્ત્રો વગેરે તૈયાર કરવા આજ્ઞા આપી. શુભ મુહૂર્ત અને શકુન જોઈ રાજા ભીમદેવ સૈન્યસહિત કુચ કરી અને થોડા વખતમાં સિંધના પાટનગરના કીનારે આવી પહોંચ્યા. અને રાજાઓ વચ્ચે સંગ્રામ શરૂ થયો, સિંધુરાજના લશ્કરનો મારો બહુ થવાથી ભીમદેવનું લશ્કર નાશવા લાગ્યું જેથી રાજા ભીમદેવે વિમલમંત્રી તરફ જોતાં, વિમલમંત્રીએ રાજાને નમન કરી પોતાનું ધનુષ્ય હાથમાં લઇ ઉઠ્યો અને ઘોડા ઉપર સ્વાર થઈ મેદાનમાં આવ્યો; જેથી સિંધુપતિ પણ હાથીપર તૈયાર થઈ સામે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યો. ઘોડા ઉપર વિમલમંત્રીને જોઈ કહ્યું હે બાળ ! શામાટે કમોતે મરે છે અને લડવાનું કામ વાણીયાનું નથી. તેનો યોગ્ય ઉત્તર કુમારે આપતાં સિંધુરાજને વધારે ક્રોધ ચડ્યો અને ખંજર કાઢી કુમારની સામે આવ્યો; જેથી કુમારે એક બાણ મારી રાજાનો મુકુટ ઉડાડી નાંખ્યો, અને બીજાથી હાથીનું મોઢું છેદી નાંખ્યું અને ત્યાં ઉછળી રાજાના હાથી ઉપર ચડી ગયો, અને ચતુરાઇથી રાજાને બાંધી હાથીથી નીચે પાડ્યો. અને પડખે રહેલા રાજ્યસેવકો ત્યાંથી ઉપાડી રાજા ભીમદેવની છાવણીમાં લઇ ગયા. એવીજ રીતે ચેદીરાજ અને માલવપતિ ભોજની સાથે લડાઇ કરી વિમલકુમારની સહાયતાથી રાજા ભીમદેવને વિજય મળ્યો.

(ચાલુ).

## *પંડિત શ્રીમાન સુખલાલજીભાઇ જોડે ઇતર કોમના એક બંધુને થયેલો જૈન ધર્મ સંબધી વાર્તાલાપ.

પ્ર૦—સૃષ્ટિની ઉત્પત્તિના સંબંધમાં જૈનોની માન્યતા શી છે ?

ઉ૦—જૈનદર્શન જગતને ઉત્પત્તિ, વિનાશકના ચક્રમાં ફરતું માને છે પણ તેના જડ, ચેતન એ મૂળ તત્વો અનાદિ અનંત હોવાથી નથી કયારેય નવા ઉત્પન્ન થતા કે નથી સર્વથા અભાવ પામતા. માત્ર અવસ્થામાં પરિવર્તન પામ્યા કરે છે. જૈન દર્શન એવો મહા પ્રલય નથી સ્વીકારતું કે જેમાં સૃષ્ટિનો એક સાથે અભાવ થઇ જતો હોય, તેથી તે દર્શન પ્રમાણે સૃષ્ટિનો કોઇ કર્તા નથી; જો કે જૈનદર્શનમાં ઇશ્વર માન્ય છે પણ તે જગત્કર્તા રૂપે નહિ, પણ માત્ર સાક્ષી રૂપે.

પ્ર૦—બૌધ દર્શનમાં આત્મ-તત્ત્વ માન્ય છે ?

ઉ૦—હા. બૌદ્ધ દર્શન, જૈન દર્શન, અને વૈદિક છએ દર્શનો આત્મવાદિ છે અને તેથીજ તેઓ પુનરજન્મ તેમજ પૂર્વકૃત કર્મના ફળરૂપે સુખ, દુઃખ સ્વીકારે છે અલબત, ઉક્ત દરેક દર્શનોમાં આત્માનું સ્વરૂપ એક પ્રકારનું મનાયેલું નથી. સ્વરૂપની બાબતમાં આર્યાવર્તના ઉકત દર્શનોની માન્યતાના ત્રણ વિભાગ કરી શકાય. બૌદ્ધદર્શન આત્માને કેવળ અનિત્ય માને છે. વૈદિક દર્શનો કેવળ નિત્ય ( કુટસ્થ નિત્ય )માને છે અને જૈનદર્શન નિત્યાનિત્ય. તેવીજ રીતે આત્માના પરિમાણના સંબંધમાં એ દર્શનો એક મત

* ગુજરાત સાહિત્ય સભામાં આ પ્રશ્નોત્તર થયેલા છે જે લેખ તરીકે "યુગધર્મ" માસિકના બીજા વર્ષના પાંચમાં અંકમાં આવેલા જૈનધર્મ સંબંધીના માહેતીવાળા હોવાથી અત્રે આપીયે છીયે. સેક્રેટરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. વૈદિક દર્શનો બહુધા આત્માને વ્યાપક માનનાર છે. જૈન અને બૌધ દર્શન પ્રમાણે આત્મા દેહ પ્રમાણ છે. બૌધદર્શનને અનાત્મવાદિ કહેવામાં આવે છે, તે માત્ર આરોપ છે. આત્મા સુદ્ધામાં અભિમાન રાખવાનો ઈનકાર કરતું હોવાથી બૌધદર્શન અનાત્મવાદિ કહેવાતું હોય તો તે અનિષ્ટ નથી.

પ્ર૦—બૌદ્ધ દર્શન પ્રમાણે મોક્ષ કેવો છે ?

ઉ૦—**રાગદ્વેષનું ચક્ર** એ સંસાર, અને તેનો અભાવ એ મોક્ષ. મોક્ષને નિર્વાણ કહેવામાં આવે છે. ઉપરાંત નિર્વાણ નામનું એક તત્વ બૌધદર્શનમાં મનાય છે, જે કુટસ્થ, નિત્ય, અને વ્યાપક હોવાથી વેદાન્ત દર્શનના બ્રહ્મના સ્થાનમાં છે. જૈનદર્શન પણ રાગદ્વેષના અભાવનેજ મોક્ષ કહે છે; ફેર એટલો છે કે તે મોક્ષ અવસ્થામાં આત્માનું સર્વજ્ઞપણું સ્વીકારે છે. તે માને છે કે આવરણોનો અભાવ થવાથી ચેતના શકિત એવી વીકસે છે કે જેથી તેમાં જગતના ત્રૈકાલિક સમગ્ર પદાર્થો આપોઆપ પ્રતિભાષિત થાય. આવું સર્વજ્ઞપણું કેટલાક વૈદિક દર્શનોને માન્ય છે. પણ તેઓ નિઃશરીર મોક્ષની દશામાં તેવું સર્વજ્ઞપણું ન માનતાં માત્ર શરીર અને અંતઃકરણનો સંબંધ હોય ત્યાંસુધીજ સર્વજ્ઞપણું માને છે.

પ્ર૦—અર્ધ માગધીભાષાનું સ્વરૂપ કેવું છે ?

ઉ૦—પહેલાં માગધી ભાષાનું સ્વરૂપ અને તે માટે પ્રાકૃતનું સ્વરૂપ જાણવું જોઇએ. આચાર્ય હેમચંદ્રે પાકૃત, શૌરસેની, માગધી, પૈશાચિ, ચુલિકા પૈશાચિક, અને અપભ્રંશ એ છ ભાષાઓનું વ્યાકરણ સંસ્કૃત વ્યાકરણ બાદ રચ્યું છે. ઉકત છ ભાષાઓમાં પાકૃત એ સામાન્ય ભાષા અને બાકીની તેના વિશેષ રૂપે છે. તેથી શૌરસેની, માગધી, આદિ ભાષાઓમાં પાકૃતભાષા કરતાં જે જે વિશેષતાઓ છે તે તે વિશેષતા પુરતાંજ સૂત્રો આચાર્યશ્રી હેમચંદ્રે રચ્યા છે. અને છેવટે એમ જણાવી દીધું છે કે; " **शेषम् प्राकृतवत् शेषम् शौरसेनीवत्** " પાકૃતથી શૌરસેનીની વીશેષતા બતાવનાર પુરાં ત્રીશ સુત્રોએ નથી. તેવીજ રીતે શૌરસેનીથી માગધીની વિશેષતા બતાવનાર પુરાં વીશ સુત્રોએ નથી. આ રીતે જોઈએ તો માગધીભાષા એ પાકૃતનો એક વિશેષ અને શૌરસેની સુદ્ધાંનો વિશેષ ભેદ કહી શકાય.

અર્ધ માગધી એ શબ્દથી અડધી માગધી અને અડધી અન્ય કોઇ ભાષા એવો અર્થ સુચવાય છે. અન્ય અડધી ભાષા તે પ્રાકૃત અગર શૌરસેની, કારણ કે માગધીભાષા એ બે ભાષાના વિશેષ રૂપે છે, પણ આ સ્થળે જાણવું જોઈએ કે, અડધી માગધી અને અડધી પ્રાકૃત, શૌરસેની એવી રીતે મળેલ અર્ધ માગધીભાષા જૈન આગમોમાં વપરાયેલ નથી. ઉદાહરણ તરીકે એક

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'ગચ્છતિ' ક્રિયાપદ લો. તેનું પ્રાકૃતમાં 'ગચ્છઇ' શૌરસેનીમાં 'ગચ્છદિ' અને માગધીમાં 'ગશ્ચદિ રૂપ થાય છે, પણ જૈન આગમમાં કોઈ જગોએ 'ગશ્ચદિ' રૂપ નહિ મળે. ગચ્છદિ રૂપ મળે છે પણ, તે દિગંબરીય ગ્રંથોમાં૦ શ્વેતામ્બર આગમોમાં 'ગચ્છઇ' એવું રૂપ મળે છે. તેવીજ રીતે બીજું ઉદાહરણ લો. પ્રાકૃતમાં અને શૌરસેનીમાં દંત્ય "સ" કાર હોય છે, જ્યારે માગધીમાં તે માટે તાલવ્ય 'શ' કાર સામાન્ય છે. આ રીતે સંસ્કૃતમાં **सः** એ રૂપના સ્થાનમાં પ્રાકૃતમાં "**सो**" અને માગધીમાં "**शे**" એવું રૂપ થાય છે. જેમ માગધીમાં **स** કારને સ્થાને **श** કાર બોલાય છે, તેમ પ્રથમા વિભક્તિમાં ઓકારને સ્થળે એકાર. જૈન આગમમાં કોઇ જગોએ "**शे**" એવું રૂપ નહિ મળે. અલબત "**से**" એવુંજ મળે છે. '**से**' એ રૂપમાં દંત્ય **स** કાર હોવાથી પ્રાકૃતપણું અને એકાર હોવાથી માગધીપણું, એ રીતે પ્રાકૃત અને માગધી ઉભયનું મિશ્રણ થયેલ હોવાથી જૈન આગમની ભાષા અર્ધ માગધી કહેવાય છે. આજ ખુલાસો આચાર્ય શ્રીહેમચંદ્રે પોતાના માગધી ભાષાના વ્યાકરણમાં કરેલો છે. જેમ **से** એ રૂપમાં પ્રાકૃત અને માગધીનું મિશ્રણ હોવાથી તે રૂપને અર્ધ માગધી કહેવામાં આવે છે તેમ કાંઈ બધાં રૂપાખ્યાનોના સંબંધમાં નથી. સામાન્ય રીતે જૈન આગમના બધા રૂપાખ્યાનો પ્રાકૃત ભાષાના નિયમને અનુસરે છે. જૈન આગમની ભાષાનું અર્ધ માગધીપણું ફક્ત પ્રથમા વિભક્તિના એકારને આશ્રયીને મુખ્યપણે જાણવાનું છે. તેથી જ પ્રાકૃત પ્રમાણે "**महावीरो**" અને '**पुरिसो**' એ રૂપને સ્થાને જૈન આગમમાં "**महावीरे**" અને "**पुरिसे**" એવાં રૂપ મળે છે.

પ્ર૦—જૈન સાહિત્યમાં યોગના ગ્રંથો છે કે નહિ? હોય તો કેટલા જૂના છે અને તેમાં હઠયોગને સ્થાન છે કે નહિ?

ઉ૦—જૈન આગમોમાં યોગનું વર્ણન છે તેમાં તેને "**झाण**" ધ્યાન કહેલ છે. આગમ પછીના સાહિત્યમાં યોગ વિષયક ખાસ ગ્રંથો રચાયેલા છે, જેવા કે યોગબિંદુ, યોગદૃષ્ટિ સમુચ્ચય, યોગવિંશિકા, યોગશતક, યોગસાર, યોગશાસ્ત્ર, આદિ૦ આ ગ્રંથોમાં ખાસ યોગ શબ્દ જ વપરાયેલ છે, તેનું કારણ એ જણાય છે કે તે વખતમાં પાતાંજલ યોગશાસ્ત્રની લોકપ્રિયતા બહુ વધી ગયેલી. હઠયોગનો આદર જૈન સાહિત્યમાં નથી. તેમ "**ऊसासं न निरुम्भइ**" એ વાક્યથી શ્વાસોશ્વાસ નિરોધની મનાઇ કરવામાં આવી છે. જૈન આગમો પાંતાંજલ યોગસૂત્રથી પ્રાચીન છે.

પ્ર૦—પાંતાંજલ યોગસૂત્રમાં ઈશ્વરનું વર્ણન છે. તેનો તેમાં શો ઉપયોગ? ઈશ્વર-વિષયક સૂત્ર પ્રક્ષિપ્ત તો નથી?

ઉ૦—મહર્ષિ પતંજલિ યોગનું વર્ણન કરે છે. યોગ ચિત્તની સ્થિરતાથી સધાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિત્તની સ્થિરતા દરેક દરેક અધિકારી માટે કાંઈ એકજ ઉપાયથી સાધ્ય ન હોઇ શકે, અધિકારી ભેદે સાધન ભેદનો સ્વીકાર કરવો એ દર્શનની વિશાળતાનું ખાસ લક્ષણ છે. જેઓ ઇશ્વરના વિષયમાં શ્રદ્ધાશીલ હોય તેઓ પણ સમાધિ લાભ કરી શકે અને તે પણ પોતાની રૂચી પ્રમાણે. એવા ઉદાર હેતુથી ન્યાયદર્શન સમ્મત ઇશ્વરનું વર્ણન યોગદર્શનમાં કરાયેલ છે. મહર્ષિ પતંજલિયે તત્ત્વજ્ઞાનમાં સાંખ્યદર્શનનો આશ્રય લીધો છે, પણ યોગ માર્ગ દરેક અધિકારી માટે અનુકુળ થાય તેવી રીતે ગોઠવ્યો છે.

પ્રક્ષિપ્ત કહેવાની એક આજકાલની પદ્ધતિ થઇ ગઇ છે. ઈશ્વરનું વર્ણન પ્રક્ષિપ્ત હોય તેમ માનવાને કોઇ કારણ નથી; છતાં એટલું તો ખરૂં કે રૂષિ ધ્યાનના ઉપયોગ માટે ઈશ્વરનું વર્ણન કરવા છતાં મૂળ સૂત્રમાં ઇશ્વર કર્ત્તા છે કે નહિ વિગેરે કાંઇ કહેતા નથી.

# સમાલોચના-અને સ્વિકાર.

**શ્રી આત્માનંદ જૈન શિક્ષાવલી-પહેલો ભાગ**—( હીંદી ) લેખક ભાગમલ શર્મા પ્રકાશક શ્રી આત્માનંદ જૈન સભા અંબાલા-પંજાબ-તરફથી ભેટ મળેલ છે. આ શિક્ષાવળી પ્રથમ હિંદિ ભાષામાં તેના લેખકે લખી છે. હિંદિ ભાષામાં આવા ગ્રંથનો અભાવ હોવાથી પૂજ્યપાદ મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજની આજ્ઞાથી તે ભાષામાં તૈયાર કરી હિંદિ ભાષાના જાણકારોની જરૂરીયાત પુરી પાડી છે. કિંમત ૦-૪-૦

**જૈન વિદ્યાર્થી આશ્રમ; સુરત**—નો ચોથા વર્ષનો ( સં. ૧૯૭૮ ની સાલનો ) રીપોર્ટ અમોને મળ્યો છે. આવા આશ્રમોની દરેક જૈનની બ્હોળી વસ્તીવાળા વિભાગમાં જરૂર છે. કારણકે તે જીલ્લાના આસપાસના નાના ગામો કે જયાં કેળવણીના સાધનો સ્કુલ વગેરે હોતા નથી, તેમજ વગર સાધનવાળા કુટુંબમાં વિદ્યાર્થીઓને કેળવણી લેવી હોય છતાં સાધનના અભાવે અટકી ન પડે જેથી આવા ખાતા આ જમાનામાં ઘણા ઉપયોગી છે. આ સંસ્થાનો રીપોર્ટ વાંચતાં તેની વ્યવસ્થા બરાબર છે. તેમજ સાથે ધાર્મિક અભ્યાસ પણ દાખલ કરેલ છે તે પણ યોગ્ય છે. સુરત શહેર જેવા આર્થિક બાબતમાં સુખી શહેરમાં આ સંસ્થા માટે પૈસાની તંગી તો નજ હોવી જોઇએ. છતાં રીપોર્ટ વાંચતાં માત્ર ૨૯ વિદ્યાર્થીઓ હાલમાં આશ્રમમાં છે તે તે જોતાં તેમજ સુરત જીલ્લો મોટો છતાં ઓછાં છે. સેક્રેટરી હરિલાલ શિવલાલ શાહ ઉત્સાહી અને સારા કાર્યવાહક છે અને કેળવણી પામેલા છે; તો સૂચના કરવામાં આવે છે કે કેળવણી લેવામાં વધારે રસ પડે, અને વધારે વિદ્યાર્થીઓ લાભ લે, દાખલ થાય તેવા પ્રયત્નો કમીટી સાથે મળી કરવાની ભલામણ કરીયે છીયે. હિસાબ ચોખવટવાળો છે. ભવિષ્યમાં આ સંસ્થાની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

## નીચેના ગ્રંથ ભેટ મળેલ છે તે આભાર સાથે સ્વીકારીયે છીએ.

દેવ દ્રવ્ય નિર્ણય પ્રથમ વિભાગ. પં. મુનિ મણિસાગરજી મહારાજ કૃત ઇનોર શ્રી સંઘ તરફથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પૂજ્યપાદ શ્રીમાન્ વિજયાનંદસૂરિજી ( આત્મારામજી મહારાજના ) પરિવાર મંડલના મુનિરાજોના ચાતુર્માસ.

| | |
|---|---|
| ૧ આચાર્ય મહારાજશ્રી વિજયકમલસૂરિશ્વરજી મહારાજ વગેરે | ઉમેટા ( ગુજરાત ) |
| ૨ પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ<br>મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ<br>મુનિરાજ શ્રી રંગવિજયજી મહારાજ<br>મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ આદિ ઠાણા | લીંબડી ઠે. પુરીબાઇની ધર્મશાળ |
| ૩ મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજ<br>પન્યાસજી સંપતવિજયજી મહારાજ વગેરે | અમદાવાદ<br>લુણશાવાડો મોટી પોળ |
| ૪ મુનિ મહારાજશ્રી વલ્લભવિજયજી મહારાજ આદિ ઠાણા — | ( પંજાબ—હોશિયારપુર ) |
| ૫ પંન્યાસજી મહારાજશ્રી દાનવિજયજી મહારાજ | મહીદપુર ( માલવા ) |
| ૬ પં. સુમતીવિજયજી મહારાજ | લુધીઆના ( પંજાબ ) |
| ૭ પંન્યાસજી સોહનવિજયજી મહારાજ<br>મુનિશ્રી સમુદ્રવિજયજી તથા<br>મુનિશ્રી સાગરવિજયજી આદિ ઠાણા ૪ | જંડિયાલા ( પંજાબ ) |
| ૮ મુનિરાજ શ્રી વિવેકવિજયજી તથા<br>પં. ઉમંગવિજયજી મહારાજ | વલાદ ( અમદાવાદ ) |
| ૯ શા૦ વા. શ્રી લબ્ધિવિજયજી મહારાજ | રાધનપુર ( ગુજરાત ) |
| ૧૦ મુનિરાજ શ્રી દોલતવિજયજી મહારાજ | બાલી ( મારવાડ ) |
| ૧૧ મુનિરાજ શ્રી વિચિક્ષણવિજયજી મહારાજ | વાંકાનેર |
| ૧૨ મુનિરાજશ્રી લાવણ્યવિજયજી મહારાજ વગેરે | વઢવાણ કાંપ |

## બંધુ શ્રી ખોડીદાસ સ્મારક ફંડમાં આ માસમાં ભરાયેલી રકમ.

૧૫) શાહ હીરાલાલ અમૃતલાલ
૭) શેઠ હીરાચંદ ચકુજી
૫) શેઠ કુંવરજી નથુભાઇ
૫) શાહ અમીચંદ ડાહ્યાભાઇ અને શા. મગનલાલ કાળીદાસ
૨) શેઠ ગોવિંદજી ભાણજી
૧૫) વોરા અમરચંદ જશરાજ
૫) શેઠ અમૃતલાલ છગનલાલ
૫) ગાંધી જમનાદાસ અમરચંદ
૩) વોરા નાનચંદ ખોડીદાસ
૨) દલાલ પરશોતમદાસ જગજીવનદાસ
૨) શા. ચુનીલાલ ત્રીકમજી હાઉ.

કુલ રૂ. ૬૬

## વર્તમાન સમાચાર,

**શ્રીમાન્ વિજયધર્મસૂરિ મહારાજની જયંતી**—ભાદરવા શુદ ૧૪ રવીનારના રોજ સવારના નવ કલાકે અત્રેના ઉપાશ્રયમાં મુનિરાજશ્રી મંગળવિજયજી મહારાજના પ્રમુખપણા નીચે શ્રીમાન્ વિજયધર્મસૂરિ મહારાજની સ્વર્ગવાસ તીથી હોવાથી જયંતી ઉજવવામાં આવી હતી. મેળાવડામાં સંઘની સારી હાજરી હતી. પ્રથમ પંડિત જગજીવનદાસે પછી શેઠ કુંવરજી આણંદજી, માસ્તર શામજી હેમચંદ, છોટાલાલ ત્રીભુવનદાસ, ગાંધી દલીચંદ મુળચંદ તથા પ્રભુદાસ અમૃતલાલ વિગેરે ઉક્ત મહાત્માના ગુણગ્રામ ભાષણ દ્વારા કર્યાં હતા. બપોરના બે વાગે શ્રીયશોવિજયજી ગ્રંથમાળાની કમીટી તરફથી ગ્રન્થમાળામાં પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી. એ પ્રમાણે ગુરૂભક્તિ કરવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છપાય છે ! છપાય છે ! ! છપાય છે ! ! !

## થોડા વખતમાં પ્રસિદ્ધ થશે.

જલદી નામ નોંધાવો,

માત્ર થોડી નકલોજ સિલીક રહેશે.

શ્રી બાળ બ્રહ્મચારી બાવીશમા જીનેશ્વર

# " શ્રી નેમનાથ પ્રભુનું (નવ ભવનું) ચરિત્ર. "

આ ગ્રંથમાં શું જોશો ? બાવીશમા જગત્પતિ શ્રી નેમનાથ પ્રભુનું નવ ભવનું અપૂર્વ વર્ણન, નેમનાથ પ્રભુ અને સતી રાજેમતીનો નવ ભવનો ઉત્તરોત્તર આદર્શ પ્રેમ, પતિ પત્નીનો અલૌકિક સ્નેહ, સતી રાજેમતીનો વૈરાગ્ય, અને સતીપણાનો વૃતાંત, પ્રભુની બાળ ક્રીડા, દિક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષગમન વગેરે પ્રસંગોની જાણવા યોગ્ય હકીકતો, તેમજ શ્રી વસુદેવ રાજાનું ચરિત્ર અને ઉચ્ચ પ્રકારની પુણ્ય પ્રકૃતિ અને તેના મીષ્ટ ફળોનું વર્ણન ખાસ વાંચવા લાયક છે. વળી શ્રીકૃષ્ણ વાસુદેવનું ચરિત્ર, વૈભવ, પરાક્રમ, રાજ્યવર્ણન, પ્રતિવાસુદેવ જરાસંઘનો વધ, નેમનાથ પ્રભુ પ્રત્યેની અપૂર્વ ભક્તિ, તદ્‌ભવ મોક્ષગામી શ્રીકૃષ્ણ વાસુદેવના પુત્રો શાંબ અને પ્રદ્યુમનનું જીવનવૃતાંત, મહાપુરૂષ અને સતી નળ દમયંતીનું જીવન ચરિત્ર, પોતાના બંધુ કુબેર સાથે જુગાર રમતાં હારી જતાં પોતાના વચનનું પાલન કરવા કરેલો રાજ્યત્યાગ, સેવેલો વનવાસ, સતી દમયંતીને પતિથી વિખુટા પડતાં પડેલ અનેક કષ્ટો ( જે વાંચતાં દરેકની ચક્ષુમાં આંસુની ધારાઓ આવે છે, તેમાં પણ રાખેલી અખૂટ ધૈર્યતા શિયલ સાચવી બતાવેલો અપૂર્વ મહિમા, અને સતી દમયંતીની શાંતિ અને પતિ પરાયણતા તો વાંચકને આશ્ચર્ય પમાડે છે. જૈનોનું મહાભારત પાંડવોનું જીવન ચરિત્ર, કુરૂક્ષેત્રમાં પાંડવ કૌરવોનું ( ન્યાય અન્યાયનું ) યુધ, સતી દ્રૌપદીનો સ્વયંવર અને પાછલા ભવનું વર્ણન, પાંડવો સાથે લગ્ન, સતી દ્રૌપદીનો જૈન ધર્મ પ્રત્યે નિકટ પ્રેમ, પતિ સેવા, શિયલ સંરક્ષણ, ચારિત્ર અને મોક્ષ એ વગેરે વર્ણનો. આટલા આટલા મુખ્ય ચારિત્રો, તેમજ અંતર્ગત બીજા પણ સુંદર વૃતાંતો, અને શ્રી નેમનાથ ભગવાનના પંચ કલ્યાણકના વૃતાંતો, જન્મ મહોત્સવ, દેશના, પરિવાર અને છેવટે મોક્ષ વગેરેનું વર્ણન આ ગ્રંથમાં ગ્રંથકાર મહારાજ શ્રી ગુણવિજયજી વાચકે એટલું બધું વિસ્તારથી, સુંદર અને સરલ રીતે આપ્યું છે કે, અત્યાર સુધીના શ્રી નેમનાથ પ્રભુના પ્રકટ થયેલા ચરિત્રો કરતાં આ પ્રથમ પંક્તિએ આવે છે. આ ગ્રંથ ખાસ પઠન પાઠન કરવા જેવો, આલ્હાદ ઉત્પન્ન કરે તેવો, દરેક મનુષ્ય વાંચી પોતાનું વર્તન ઉચ્ચ ધર્મિષ્ટ બનાવી પોતા માટે મોક્ષ નજીક લાવી શકે તેવો હોવાથી અમોએ મૂળ ગ્રંથ ઉપરથી ભાષાંતર ગુજરાતીમાં કરાવી છપાવવો શરૂ કર્યો છે. વધારે વર્ણન કરવા કરતાં વાંચવાની ખાસ ભલામણ કરવામાં આવે છે.

ઉંચા કાગળો ઉપર, સુંદર ગુજરાતી ટાઇપમાંથી રોયલ આઠ પેજી શુમારે ત્રીશ ફારમ અઢીસેં પાનાનો આ ગ્રંથ સુંદર બાઇડીંગથી અલંકૃત કરવાનો છે. એક માસ પછી એટલે દીવાળીના શુભ દિવસે બહાર પડશે. ઘણા ગ્રાહકો થયેલા છે. આ સભાના લાઇફ મેમ્બરોને ભેટ અપાતાં માત્ર ઘણી જુજ નકલોજ બાકી રહેવાની હોવાથી પ્રકટ થયા પહેલાં જાહેર ખબર તેના ઇચ્છકોને નિરાશ થવું ન પડે માટે પ્રકટ કરેલ છે. ગ્રાહક થનારે નીચેના સરનામે તરતજ લખી નામ નોંધાવવું. કિંમત બે રૂપીયા પોસ્ટેજ જુદું.

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


**પ્રકાશિત થઇ ચુકયું !     પ્રકાશિત થઇ ચુકયું ! !     પ્રકાશિત થઇ ચુકયું ! ! !**

પવિત્રતાની મૂર્તિ, આત્મિક ઉજ્જ્વલતાનું અદ્‌ભુત પ્રકાશ, પતિવ્રત ધર્મની સાક્ષાત્ પ્રતિમા, ત્યાગનો અભૂતપૂર્વ દષ્ટાંત, ક્ષમાની અલૌકિક પ્રસાદી, દરેક કુટુંબમાં રાખવા અને વાંચવા લાયક–લ્હાણીમાં અને સ્નેહિયોને આપવા માટે અમૂલ્ય ભેટ—

**મહાસતી સીતા.     દેવી બ્રાહ્મી.**

**દેવી સુંદરી અને કુમારી ચંદનબાળા**

ના પવિત્ર ચરિત્રોનું પુસ્તક નવી ઢબે લખાયલું મહિલા–ગૌરવ–ગ્રંથ માળાનું પ્રથમ પુષ્પ.

## જૈન સતી રત્ન.

બાહાર પડી ચુકયું છે. એમાં પ્રસંગોપાત ૧ સીતા–સ્વયંવર, ૨ સીતાજીની અગ્નિપરિક્ષા ૩ દેવી બ્રાહ્મી અને માતા સુમંગલા, ૪ દેવી સુંદરી અને બાહુબલી, ૫ ધારિણીની શિયળ રક્ષા અને ૬ ચંદનબાળાનું ભગવાન મહાવીરને આહારદાન, એવાં ૭ એકરંગી અને બહુ રંગી ચિત્રો પણ આપવામાં આવ્યાં છે. એકતો સતીઓનાં ચિત્રજ આકર્ષક અને પછી ભાષા સરળ, સુંદર અને મનગમતા ચિત્રો તો એવાં સુંદર છે કે જોઇ રહેવાનુંજ મન થાય. જાંડા એંટિક કાગળો પર છપાયલા આ સુંદર પુસ્તકનું મૂલ્ય–રંગીન પાકા પૂઠાંનો સવા રૂપિયો, રેશમી કાપડ અને સોનેરી અક્ષરોવાળા પૂઠાંના પોણા બે રૂપિયા.

ઠેકાણું:—**મેનેજર, ગ્રંથ ભંડાર,**
**લેડી હાર્ડિંજ રોડ, માટુંગા—( મુંબઇ )**

## " તપરત્ન મહોદધિ ભાગ ૧–૨ "

આત્માને મોક્ષ મેળવવાનું–કર્મનિર્જરા કરવાનું મુખ્ય સાધન જો કોઇ હોય તો તપ મુખ્ય પદ છે. તેથીજ અત્યારસુધીના પ્રચલીત (કરવામાં આવતા) અને અપ્રચલીત ( નહીં જાણવામાં આવેલ તેવા ) જુદી જુદી જાતના ૧૬૧ તપ શાસ્ત્રાધારે તેની વિધિ વિધાન સહિત આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. સાથે કયો તપ કયા ગ્રંથ આગમ વગેરેમાં છે તેની હકીકત પણ આપવામાં આવેલ છે. તપસ્યા કરનાર મનુષ્યને તેનું, તેના ફળનું, તેના વિધિવિધાનનું જ્ઞાન ન હોય તો તે જોઇયે તેવું ફળ મેળવી શકતો નથી, તેથીજ આ ગ્રંથમાં તે તમામ હકીકત સવિસ્તર આપવામાં આવેલ છે. કેટલાક તપોનાં નામ વગેરે પણ જાણવામાં નહીં આવેલા હોય તે તમામ જીજ્ઞાસુ મોક્ષના અભિલાષીઓ માટે ઐહિક–પારમાર્થીક સુખની ઇચ્છા-વાળાઓ માટે આ એક અપૂર્વ ગ્રંથ છે. સર્વ લાભ લઇ શકે તેટલા માટે શાસ્ત્રી ટાઇપમાં ગુજરાતી ભાષામાં છપાવેલ છે. ઘણા ઉંચા કાગળો ઉપર સુંદર ટાઇપથી છપાવવામાં આવેલ છે, મંગા-વવાથી ખાત્રી થશે. માત્ર તપના જીજ્ઞાસુઓને લાભ આપવા માટે ઘણો મોટો ગ્રંથ હોવા છતાં કિંમત માત્ર નામની મુદ્દલથી ઓછી. બહોળો ફેલાવો થવા આઠ આનાજ ( પોસ્ટેજ જુદું ) રાખવામાં આવેલ છે.

મળવાનું ઠેકાણું:—
**શ્રી જૈન આત્માનંદ સભા.**
**ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# आ सभा तरफथी प्रसिद्ध थयेला-संस्कृत, मागधी अने भाषांतरना ग्रंथो.

| | | |
|---|---|---|
| ×१ | समवसरणस्तवः | ०-१-० |
| ×२ | क्षुल्लकभवप्रकरणम् | ०-१-० |
| ×३ | लोकनालिका | ०-२-० |
| ×४ | योनिस्तवः | ०-१-० |
| ×५ | कालसप्ततिका | ०-१-६ |
| ×६ | देहस्थितिस्तवो लघ्वल्पबहुत्वं च | ०-१-० |
| ×७ | सिद्धदण्डिका | ०-१-० |
| ×८ | कायस्थितिस्तवः | ०-२-० |
| ×९ | भावप्रकरणम् | ०-२-० |
| ×१० | नवतत्वप्रकरणं, भाष्यविवृत्तिसमलंकृतम्) | ०-१२-० |
| ×११ | विचारपञ्चाशिका | ०-२-० |
| १२ | बन्धषट् त्रिंशिका | ०-२-० |
| १३ | परमाणुपुद्गल-निगोदषट्त्रिंशिका | ०-३-० |
| १४ | श्रावकव्रत भङ्गप्रकरणम् | ०-२-० |
| १५ | देववन्दनादि भाष्यत्रयम् | ०-८-० |
| १६ | सिद्धपञ्चाशिका | ०-२-० |
| १७ | अन्नायउञ्छकुलकम् | ०-२-० |
| १८ | विचारसप्ततिका | ०-३-० |
| १९ | अल्पबहुत्वगर्भितवीरस्तवनादि. | ०-२-० |
| २० | पञ्चसूत्रम् | ०-८-० |
| २१ | जम्बूस्वामी चरित्रम् | ०-४-० |
| २२ | रत्नपालनृपकथानकम् | ०-५-० |
| २३ | सूक्तरत्नावली | ०-४-० |
| २४ | मेघदूतसमस्यालेखः | ०-४-० |
| २५ | चेतोदूतम् | ०-४-० |
| ×२६ | अष्टाह्निकाव्याख्यानम् | ०-६-० |
| ×२७ | चम्पकमालाकथानकम् | ०-६-० |
| ×२८ | सम्यक्त्वकौमुदी | ०-१२-० |
| ×२९ | श्राद्धगुणविवरणम् | १-०-० |
| ×३० | धर्मरत्नप्रकरणं (स्वोपज्ञटीकया समलंकृतम्) | ०-१२-० |
| ×३१ | कल्पसूत्रं सुबोधिकानाम्न्या टीकया भूषितम् | ०-०-० |
| ×३२ | उत्तराध्ययनम् (भाविजयगणि-विरचितटीकयोपेतम्) | ५-०-० |
| ×३३ | उपदेशसप्ततिका | ०-१३-० |
| ×३४ | कुमारपालप्रबन्धः | १-०-० |
| ×३५ | आचारोपदेशः | ०-३-० |
| ३६ | रोहिण्यशोकचन्द्रकथा | ०-२-० |
| ×३७ | ज्ञानसाराष्टकं (ज्ञानमञ्जरीनाम्न्या टीकया समलंकृतम्.) | १-०-० |
| ३८ | गुरुगुणषट्त्रिंशत्षट्त्रिंशिकाकुलकं (दिपिकया भूषितम्) | ०-१०-० |
| ३९ | समयसारप्रकरणं (स्वोपज्ञव्याख्योपेतम्) | ०-१०-० |
| ४० | सुकृतसागरम् | ०-१२-० |
| ४१ | धम्मिल्लकथा | ०-२-० |
| ४२ | धन्यकथानकम् | ०-२-० |
| ४३ | प्रतिमाशतकम् | ०-८-० |
| ४४ | चतुर्विंशतिस्तुति संग्रहः | ०-६-० |
| ४५ | रौहिणेयकथा | ०-२-० |
| ×४६ | क्षेत्रसमासप्रकरणं (स्वोपज्ञटीकया भूषितम्।) | १-०-० |
| ४७ | श्राद्धविधिः (विधिकौमुदीनाम्न्या वृत्त्योपेतः) | २-८-० |
| ४८ | बृहत्संग्रहणी | २-८-० |
| ४९ | षड्दर्शनसमुच्चयः | ३-०-० |
| ५० | पञ्चसंग्रहः | ३-८-० |
| ५१ | सुकृतसंकीर्तनमहाकाव्यम् | ०-१२-० |
| ५२ | चत्वारः प्राचीनकर्मग्रन्थाः | २-८-० |
| ५३ | सम्बोधसप्ततिः | ०-१०-० |
| ५४ | कुवलयमाला कथा-संस्कृत | १-८-० |
| ५५ | सामाचारीप्रकरणं (स्वोपज्ञटीकयाभूषितम्) | ०-१०-० |
| ५६ | करुणावज्रायुधनाटकम्। | ०-४-० |
| ५७ | कुमारपालचरित्रमहाकाव्यम् | ०-१०-० |
| ५८ | महावीर चरियं | १-०-० |
| ५९ | कौमुदीमित्राणन्दनाटकम् | ०-८-० |
| ६० | प्रबुद्धरौहिणेयम् | ०-६-० |
| ६१ | धर्माभ्युदयम् | ०-६-० |
| ६२ | पञ्चनिर्ग्रन्थीप्रज्ञापनातृतीयपदसंग्रहणी प्रकरणे | ०-८-० |
| ६३ | रयणसेहरीकहा | ०-८-० |
| ६४ | सिद्ध प्राभृत | ०-१०-० |
| ६५ | दानप्रदीपं | २-०-० |
| ६६ | बंध हेतुदयत्रिभंगी आदि | ०-१२-० |
| ६७ | धर्म परिक्षा | ०-१२-० |
| ६८ | सप्ततिशतस्थान | १-०-० |
| ६९ | चैत्यवंदन महाभाष्य | १-१२-० |
| ७० | प्रश्नपद्धति | ०-२-० |
| ७१ | कल्प किरणावली | ०-०-० |

× આ નીશાનીવાળા ગ્રંથો સિલીકમાં નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | |
|---|---|
| ७२ योगदर्शन | १–८–० |
| ७३ मंडल प्रकरण | ०–४–० |
| ७४ देवेन्द्रनरकेन्द्र सटीक | ०–१२–० |
| ७५ सुमुखनृपादिकथानकम् | ०–११–० |

### छपायेला परचुरण संस्कृत ग्रंथो.

| | |
|---|---|
| १ मेरु त्रयोदशी कथा | ०–४–० |
| २ सुसढ चरित्र | ०–२–० |
| ३ श्री सुदर्शना चरित्र ( प्रथम भाग ) | ०–६–० |
| ४ जल्प मंजरी | ०–२–० |
| ५ जैन व्रतक्रिया विधि | भेट |
| ६ साधु आवश्यक क्रियासूत्र | ,, |
| ७ नळदमयंति आख्यान | ,, |
| ८ श्री अनुत्तरोपपातिक दशासूत्र | ०–६–० |

### छपायेला जैन ऐतिहासिक ग्रंथो.

(श्रीमान् प्रवर्तकजी श्री कान्तिविजयजी ग्रंथमाळा. )

| | |
|---|---|
| १ विज्ञप्ति त्रिवेणी | १–०–० |
| २ कृपा रसकोष | १–०–० |
| ३ शत्रुंजय तिर्थोद्धार प्रबंध | १–०–० |
| ४ प्राचीन जैन लेख संग्रह भाग १ लो | १–०–० |
| ५ द्रौपदी स्वयंवर नाटक | ०–४–० |
| ६ प्राचीन लेख संग्रह भा. २ जो | ३–८–० |

### છપાયેલાં ગુજરાતી ભાષાનાં પુસ્તકો.

| | |
|---|---|
| ૧ શ્રી જૈન તત્ત્વાદર્શ (શાસ્ત્રી) | ૫–૦–૦ |
| ૨ નવતત્ત્વનો સુંદર બોધ | ૦–૧૦–૦ |
| ×૩ દેવસીરાઇ પ્રતિક્રમણ | ૦–૩–૦ |
| ૪ જીવવિચાર વૃત્તિ | ૦–૬–૦ |
| ૫ અજ્ઞાન તિમિર ભાસ્કર | ૨–૮–૦ |
| ૬ જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર | ૦–૮–૦ |
| ૭ જૈનતત્ત્વસાર મૂળ તથા ભાષાંતર | ૦–૬–૦ |
| ૮ દંડક વિચાર વૃત્તિ મૂળ. અવચૂરિ | ૦–૮–૦ |
| ૯ નયમાર્ગદર્શક | ૦–૧૨–૦ |
| ૧૦ હંસવિનોદ ( શાસ્ત્રી ) | ૦–૧૨–૦ |
| ×૧૧ વિવિધ પૂજાસંગ્રહ | ૦–૮–૦ |
| ૧૨ કુમાર વિહાર શતક. મૂળ. અવચૂરિ અને ભાષાંતર સાથે (શાસ્ત્રી) | ૧–૮–૦ |
| ૧૩ જૈન તત્ત્વસાર ભાષાંતર | ૦–૨–૦ |
| ૧૪ પ્રકરણ સંગ્રહ | ૦–૪–૦ |
| ૧૫ નવ્વાણું પ્રકારી પૂજા અર્થ સહિત | ૦–૮–૦ |
| ૧૬ આત્મવલ્લભ સ્તવનાવલી | ૦–૬–૦ |
| ૧૭ મોક્ષપદ સોપાન | ૦–૧૨–૦ |
| ×૧૮ ધર્મબિન્દુ ગ્રંથ, મૂળ ટીકા અને ભાષાંતર સાથે | ૨–૮–૦ |
| ૧૯ પ્રશ્નોત્તર પુષ્પમાલા ( શાસ્ત્રી ) | ૦–૧૪–૦ |
| ×૨૦ ધ્યાનવિચાર ( ગુજરાતી ) | ૦–૩–૦ |
| ૨૧ શ્રાવક કલ્પતરૂ | ૦–૬–૦ |
| ૨૨ આત્મપ્રબોધ ગ્રંથ ( શાસ્ત્રી ) | ૨–૮–૦ |
| ×૨૩ આત્મોન્નતિ | ૦–૧૦–૦ |
| ૨૪ પ્રકરણ પુષ્પમાલા પ્રથમ પુષ્પ | ૦–૬–૦ |
| ૨૫ જંબુસ્વામી ચરિત્ર | ૦–૮–૦ |
| ૨૬ જૈન ગ્રંથ ગાઇડ ( ગુજરાતી ) | ૧–૦–૦ |
| ૨૭ તપોરત્ન મહોદધિ ભાગ ૧—૨ તમામ તપ વિધિ સાથે | ૦–૮–૦ |
| ×૨૮ વિવિધ પૂજાસંગ્રહ (બી. આવૃત્તિ) | ૧–૪–૦ |
| ૨૯ સમ્યક્ત્વ સ્તવ | ૦–૪–૦ |
| ૩૦ શ્રી શ્રાદ્ધગુણ વિવરણ | ૧–૮–૦ |
| ૩૧ ચંપકમાળા ચરિત્ર | ૦–૮–૦ |
| ×૩૨ કુમારપાલ ચરિત્ર ( હિંદી ) | નથી |
| ૩૩ શ્રી સમ્યક્ત્વ કૌમુદી ,, | ૧–૦–૦ |
| ૩૪ પ્રકરણ પુષ્પમાલા બીજું રત્ન | ૦–૮–૦ |
| ૩૫ અનુયોગદ્વાર સૂત્ર | ૦–૮–૦ |
| ૩૬ અધ્યાત્મમત પરીક્ષા | ૦–૪–૦ |
| ૩૭ ગુરૂગુણ છત્રીશી | ૦–૮–૦ |
| ૩૮ શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી | ૦–૫–૦ |
| ×૩૯ શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૦–૪–૦ |
| ૪૦ જ્ઞાનામૃત કાવ્યકુંજ ( જ્ઞાનસાર અષ્ટક ગદ્ય, પદ્ય, અનુવાદ સહિત ) | ૦–૧૨–૦ |
| ૪૧ શ્રી દેવ ભક્તિમાળા પ્રકરણ | ૧–૦–૦ |
| ૪૨ શ્રી ઉપદેશ સપ્તતિકા | ૧–૦–૦ |
| ૪૩ સંબોધ સિત્તરી | ૧–૦–૦ |
| ૪૪ ગુણમાલા ( પંચપરમેષ્ટિના ૧૦૮ ગુણનું વર્ણન અનેક કથાઓ સહિત ) | ૧–૮–૦ |
| ૪૫ સુમુખનૃપાદિ કથા. | ૧–૦–૦ |

### छपाता ग्रंथो.

१ श्री नेमनाथ चरित्र.
२ श्री दानप्रदीप भाषांतर
३ श्रावक धर्म विधि.
४ मेघदूत काव्य
५ गुरुतत्व विनिश्चय
६ श्री सुपार्श्वनाथ चरित्र भाषांतर

× આ નીશાનીવાળા ગ્રંથો સીલીકમાં નથી.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસ—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જલ્દી મંગાવો. તયાર છે ! સીલીકે થોડી નકલો છે.

## શ્રીસુમુખનૃપાદિ ધર્મપ્રભાવકોની કથા.

જેમાં ચંદ્રવીરશુભા--ધર્મધન–સિદ્ધદત્ત કપિલ અને સુમુખનૃપાદિ કથાઓ આવેલી છે.

આ ઉપદેશક કથાના ગ્રંથકર્ત્તા મહાન્ ધુરંધર વિદ્વાન આચાર્ય શ્રી મુનિસુંદરસૂરિજી મહારાજ છે. આ મહાન્ આચાર્યે આ કથાનો ગ્રંથ ભવ્યજનોના કલ્યાણના અર્થે બનાવેલ છે. તેમાં આવેલ શ્રાવક ધર્મ પ્રભાવ ઉપર ચંદ્રવીરશુભાની કથા, ૨ દાનાદિ પુણ્ય ફળ ઉપર ધર્મધનની કથા, ૩ શ્રાવકધર્મની આરાધના વિરાધના ઉપર સિદ્ધદત્ત કપિલની કથા અને ચાર નિયમ પાળવા ઉપર સુમુખ નૃપાદિ ચાર મિત્રોની કથા. આ ચાર કથાઓ એટલી બધી સરલ, સુંદર, રસિક, પ્રભાવશાલી, ગૌરવતાપૂર્ણ, ચમત્કારિક અને ઉપદેશપ્રદ છે કે તે ચારે કથા વાંચતા રોમરોમ વિકસ્વર થતાં, ધર્મ ઉપર શ્રદ્ધા થવા સાથે ધર્મવૃતિ આત્મામાં પ્રકટતાંજ દરેક મનુષ્ય પોતાના આત્માને માટે મોક્ષ નજીક લાવી મૂકે છે. ઉંચા કાગળો ઉપર સુંદર ટાઇપથી છપાવી સુશોભિત બાઇંડીંગ સાથે આ ગ્રંથ પ્રકટ કરવામાં આવેલ છે. ઘણીજ થોડી નકલો સીલીકે છે માટે જલદી મંગાવો.

કિંમત રૂા. ૧–૦–૦ પોષ્ટેજ જુદું. મળવાનું ઠેકાણું—

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

થોડી નકલો બાકી છે. જલદી મંગાવી લ્યો.

कमल संयमी टीका युक्त,

## श्री उत्तराध्ययन सूत्र भाग १ लो.

ઉત્તમ પ્રકારના લેજર સીત્તેર રતલી કાગલો ઉપર નિર્ણય સાગર પ્રેસમાં સારા મ્હોટા ટાઇપોમાં પત્રાકારે છપાવી બહાર પાડવામાં આવ્યું છે, ખપ પુરતી કોપીઓ છપાવી છે, જેમાંની ઘણી નકલો તો ઉપડી ગઇ છે, જુજ પ્રતો બાકી છે. માટે જેણે ન મંગાવ્યું હોય તેઓએ જલ્દીથી મંગાવી લેવા સવેળાની સૂચના છે. કિંમત માત્ર રૂા. ૩–૮–૦ છે. લખો—

વ્યવસ્થાપક.

શ્રી વિજયધર્મ લક્ષ્મી જ્ઞાન મંદિર.

બેલનગંજ—આગ્રા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્ષમાવંત થજો.

"ક્ષમા એ વીરોનું ભૂષણ છે. શૂરવીરોજ ક્ષમા આપી શકે છે. મહાવીરજ ખરી ક્ષમા આપી શકે છે. ક્ષમા જેવો ઉત્તમ ગુણ કોઇ નથી. જેઓ એ બીના યાદ રાખે છે તેઓ મહાન થઇ શકે છે. જનસમૂહનો મોટો ભાગ દુઃખ અને કંગાલીયતમાં સબડે છે, ત્યારે એક બહુ નાનો ભાગ પૈસો, કીર્તિ અને સુખ સંપાદન કરીને જગતમાં મહાન કાર્યો કરી રહ્યો છે તેનું કારણ શું છે ? જેઓ કંગાલીયતમાં સબડે છે અને જેઓ વિજયી થયા છે તે બન્નેમાં જો ક્ષમાશીલ મનુષ્યોનું પ્રમાણ કાઢવામાં આવે તો તે, ઘણું વાંચવા લાયક વાંચન થઇ પડે. પણ તેની ગણત્રી થાય નહિ અને તેનું પ્રમાણ ન નીકળે તો પણ એ નક્કી જ છે કે એ ગુણ ખરેખરા વિજયી મનુષ્યોમાં જ જડી આવશે. અને જેઓ કંગાલીયતમાં અને હલકા વિચારોમાં સબડે છે તેઓમાં એ ગુણ નહિ જેવા પ્રમાણમાં જ માલમ પડશે. પાછલા પ્રકારના લોકો વધુ ક્રૂર, ઘાતકી અને સ્વાર્થ માટે અનેકને નુકશાન કરવાની વૃત્તિવાળા જણાશે, મોટા મોટા ખીતાબો, અનેક તરફથી મળતાં યશ, અગણિત દોલત અને અતુલ સુખ કરતાં પણ ક્ષમાનો ગુણ ઉત્તમ છે. તેની કોઈ રીતે કિંમત આંકાય તેમ નથી. તમો દરેકમાં ક્ષમાનો ગુણ હોવો જોઇએ અને તમારામાં તે ગુણ ન હોય તો તે તમારે ખીલવવો જોઇએ. એ માટે આજથી જ કોશીશ કરો. ગુસ્સાનો ત્યાગ કરવા માંડો. માંસના ખોરાકનો ત્યાગ કરો; ઘાતકી, ક્રૂર અને ક્રોધી જીવોથી દૂર રહો અને તેમની સોબત પણ ના કરો.

"ક્ષમા ઇશ્વરી છે: બદલો લેવાની વૃત્તિ માનસિક છે. તમે ઇશ્વર જેવા થાઓ. માણસ કરતાં તમે આગળ વધો. તમને દુઃખ દેનારને, તમારા દુશ્મનને, તમને નુકશાન કરનારને, તમારા કરજદારને, તમારા હાથ હેઠળ મુકાયલા દરેક ગરીબ, કંગાળ અને ગુન્હેગારને કાંઇપણ બદલો લીધા વગર માફ કરવા તત્પર થાઓ; તેમજ કરો: તે દરેકને માફ કરો: અને તમારામાં દયા છે તે સાબીત કરો. એવા પ્રસંગે જ્યારે તમે ક્ષમાવંત થાઓ છો, માયા દેખાડો છો, ન્યાય જાળવી રાખો છો અને દયાનો ત્યાગ કરતા નથી ત્યારે તમારા વિજયનાં જોરમાં વૃદ્ધિ થાય છે અને કાળાંતરે તમે સર્વત્ર વિજય મેળવી શકશો. * * * * ઉદાર, દયાળુ અને માયાળુ થવા તમારૂં અંતર પ્રેરે ત્યારે તમે તે પ્રેરણાને દાબી દેતા ના. તે ઉપર ધ્યાન આપજો. અનુભવી અને વૃદ્ધ માણસો ઘણી વખત વધુ દયાળુ થઇ શકે છે તેનું કારણ તેઓને થયેલા દુઃખના અનુભવમાં જણાઈ આવે છે. પણ જુવાન મનુષ્યો પણ કેમ દયાળુ ન થાય ? તમે પણ દયાળુ-ક્ષમાવંત થાઓ. ગુન્હેગારોને પણ દયાથી તારો.

સા૦ મા૦ ઘડીયાળીકૃત. "વિજય-કળા" માંથી.

For Private And Personal Use Only